Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

## સ રિ તા

સરિતા તો મેં ઘણીએ દીઠી છે, પણ આ તો કોઇ અલૌકિક જ છે. મને તૃષા તો જરા ય નહોતી, પણ આને જોતાં જ તૃષા જાગી, હોઠ સુકાવા લાગ્યા, અને જનમ જનમના તરસ્યાની જેમ સરિતા ભણી દોટ મૂકી. જે જીભ આજ સુધી કહેતી હતી કે મારે કંઈ આસ્વાદ કરવો નથી તે જ જિહ્વા આજે મત્ત બનીને જલપાનની મહેફિલ માણી રહી છે.

આ વૃદ્ધ અને અનુભવી કાયાને તે મારે શું કહેવું ? પરલોકમાં પ્રયાણ કરવા તો શય્યા ઉપર શયન કર્યું છે, પણ આ સરિતાના સંગ પછી તો એ કોઇ નવયૌવના યુવતીની છટાથી આ મહાસરિતામાં જલક્રીડા કરવા ઊતરી પડી છે. એના અંગેઅંગમાંથી જાણે આનંદની છોળો ઊછળી રહી છે.

હું માનતો હતો કે મારું મન તો હવે વૃદ્ધ થયું છે, એને કોઇ સ્પૃહા નથી. આજની વાત કહેતાં તો હું લાજી મરું છું. આજ સવારથી હું એને ઢુંઢું છું અને પોકારૂં છું, 'ઓ મન, તું ક્યાં છો ?' પણ એ ક્યાંય દેખાતું નથી, સરિતાના કયા ભાગમાં નિમગ્ન બન્યું હશે ! શૂન્ય બનેલ મેં પૂછ્યું, ' રે કોઇ બતાવો, આ સરિતાનું નામ શું ?' ત્યાં તો ભગવાન મહાવીરનો નાદ સંભળાયો, ' આ સરિતાનું નામ છે તૃષ્ણા '

મુનિ ચંદ્રપ્રભસાગરજી ( ચિત્રભાનુ )

પ્રકાશક :-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૬
અંક ૮

જેઠ
સં. ૨૦૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अनुक्रमणिका


| | | |
|---|---|---|
| ૧. સુભાષિત | | ૧૦૯ |
| ૨. પૂર્વકાળની મહત્તાની ઝાંખી | (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) | ૧૧૦ |
| ૩. સામાન્ય નીતિ | શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૧૨ |
| ૪. સ્વતંત્રતા | (મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી) | ૧૧૪ |
| ૫. જૈન સાહિત્યનો ઈતિહાસ | (અનુ૦ કાન્તિલાલ જ. દોશી) | ૧૧૮ |
| ૬. ગુજરાતી જૈન સાહિત્યનો ઈતિહાસ | (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડીયા) | ૧૨૦ |


## વાર્ષિક ઉત્સવ

આ સભાનો ૬૩મો વાર્ષિક ઉત્સવ શ્રી તાલધ્વજગિરિ ઉપર જેઠ સુદી ૧ ને રવિવારે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સવારમાં શ્રી તાલધ્વજગિરિ ઉપર સ્વ. શેઠશ્રી મૂળચંદ નથુભાઈ તરફથી પૂજા ભણાવવામાં આવી હતી. તેમજ સ્વ. વોરા હઠીસંગ ઝવેરભાઇ તરફથી મળેલી આર્થિક સહાય તથા તેમના ધર્મપત્ની હેમકોરબહેને આપવાની રકમના વ્યાજવડે સભાસદ બંધુઓનું તેમજ યાત્રિક ભાઈઓનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે સભાસદ બંધુઓએ સારી સંખ્યામાં લાભ લીધેલ હતો.

## ખેદજનક અવસાન

### શ્રી બાલુભાઈ ખીમચંદ

સંવત ૨૦૧૫ના ચૈત્ર વદ ૧૧ તા. ૩–૫–૫૯ના રોજ શા બાલુભાઇ ખીમચંદ ટુંક માંદગી ભોગવી મુંબઈખાતે અવસાન પામ્યા છે. તેઓશ્રી આ સભાના કાર્ય પ્રત્યે ઘણો જ સદ્ભાવ રાખતા. સ્વર્ગસ્થ સ્વભાવે શાન્ત અને સરળ હતા. તેમના અવસાનથી સભાને એક ઉદાર સભાસદની ખોટ પડી છે. તેમના અવસાનથી તેમના કુટુમ્બી જનો પર આવી પડેલી આપત્તિ પ્રત્યે આ સભા હમદર્દી દર્શાવે છે અને સ્વર્ગસ્થનો આત્મા પરમ શાંતિ પામે એવી પ્રાર્થના કરે છે.

### શેઠશ્રી અમૃતલાલ કાલીદાસ

આ સભાના એક માનવંતા પેટ્રન અને જૈન સમાજના એક આગેવાન શેઠશ્રી અમૃતલાલ કાલીદાસના અવસાનની નોંધ અમે સખેદ લઈએ છીએ. તેઓ મુંબઇના શેરબજારના લોકપ્રિય આગેવાન દલાલ હતા અને વર્ષો સુધી તેના ઉપપ્રમુખ તરીકે રહ્યા હતા વ્યાપારી ક્ષેત્રમાં 'ઝવેરી' તરીકે દાખલ થયા પછી મુંબઇના શેરબજારમાં શેરદલાલ તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી હતી અને ઉદાર, માયાળુ તથા પ્રમાણિક સ્વભાવથી તેમણે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. લક્ષ્મીદેવીની સારી એવી કૃપા તેમના પર ઉતરી હતી અને તેઓશ્રીએ જૈન સમાજમાં ઉદાર હાથે સખાવતો કરી હતી. આ સભા તેમના અવસાનથી શોક અનુભવે છે, તેમના સ્વજનોને પડેલી ખોટ માટે હમદર્દી દર્શાવે છે અને સ્વર્ગસ્થ આત્માને શાશ્વત શાંતિ મળે તે માટે પ્રાર્થના કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૬ મું ] સં. ૨૦૧૫ જેઠ [ અંક ૮મો

# સુભાષિત

विहाय पौरुषं यो हि दैवमेवावलम्बते ।
प्रासादसिंहवत्तस्य मूर्ध्नि तिष्ठन्ति वायसाः ॥

**પુરુષાર્થ તજી જેહ આલંબે માત્ર દૈવને;**
**મહેલના સિંહ શા તેને માથે બેસે છ કાગડા.**

સિંહ એટલે ઝળહળતા વ્યક્તિત્વ અને અમોઘ શક્તિનું અનન્ય પ્રતીક—એવા સિંહની યે એક અત્યંત નામોશીભરી દશા સુભાષિતકારે વર્ણવી છે. મહેલના પૂતળાના સિંહને જોઈને કોઈ બીતું નથી કે અચકાતું નથી. નાનાં છોકરાં યે તેનાં મોઢા ઉપર હાથ ફેરવી શકે છે, અરે! તેના માથા પર તો કાગડા સુદ્ધાં બેસે છે. જાજ્વલ્યમાન સિંહસ્વરૂપનું આથી તે શરમજનક અધઃપતન બીજું કયું હોય? તે અધઃપતનનું કારણ સુભાષિતકારે જણાવ્યું છે તેમ પુરુષાર્થનો અભાવ છે. પુરુષાર્થની વિજયગાથા ગાતા આ સબલ સુભાષિતનું મનન કરતાં, દુર્દમ શક્તિસંપન્ન ગણાતા સિંહના બચ્ચાંના યે દાંત ગણનાર સમર્થ માનવમાલ ભરતનું દૃષ્ટાન્ત તરત આંખ આગળ આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂર્વકાળની મહત્તાની ઝાંખી

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

અહીં એવા બે સ્થળની ઝાંખી કરાવાય છે કે જે સ્થાનો એકકાળે યાને આજથી પાંચ સાત સૈકાઓ પહેલાં વસતીથી ભરપૂર નગરો હતા અને જ્યાં એક કરતા વધુ દેવાલયો હતા. એટલે સહજ અવધારી શકાય કે એ સ્થાનમાં જૈનધર્મ પાળનાર સંખ્યા સવિશેષ હતી જ. એકનું નામ છે રાતા મહાવીરજી અને બીજાનું નામ છે લક્ષ્મણી. પણ ત્યાં મૂળનાયક છે શ્રી પદ્મપ્રભુજી કે જેમનો વર્ણ રાતો મનાય છે. આમ બે પ્રાચીન તીર્થધામ સંબંધી જે ખ્યાલ આપવાનો છે એ પાછળ મુખ્ય ઉદ્દેશ તો એ જ છે કે ઉભય સ્થળે જવાની સુગમતા થઈ છે તો નાના મોટા સૌ કોઈ આ પવિત્ર ધામમાં એક વાર અવશ્ય પગલી પાડે. હવા ખાવાના સ્થળે જઈ ઘણા શ્રીમંતો પૈસા પાણીની માફક ખરચે છે, કેટલાકને નાદુરસ્ત તબિયતના કારણે ફરજીયાત આહાર ઉપર અંકુશ મુકવો પડે છે અને ગ્રામ્ય પ્રદેશનો આશરો લેવો પડે છે. એ સર્વને ઉપર વર્ણવેલ સ્થળોમાં પાંચ પંદર દિવસ ગાળવાની અને એ રીતે માનસિક તેમજ શારીરિક તાજગી મેળવવાની તક ઝડપી લેવાની ખાસ વિનંતી છે. ઉભય સ્થળનું વાતાવરણ નિવૃત્તિજનક છે અને હવાપાણીની નજરે ખાસ પ્રશંસનીય છે. કૂવાના પાણીમાં એવો ગુણ છે કે ખોરાક જલ્દી પાચન થઇ શકે. સાથોસાથ અભ્યાસી હોય, કિંવા વિચારક હોય, તો સહજ વિચાર ઉદ્‌ભવે કે-કુદરતનો કાનૂન કેવો વિચિત્ર છે કે જ્યાં એક કાળે સંખ્યાબંધ મંદિરો કે બાવન જિનાલયો શોભતા અને હજારો ઉપાસકોથી વાતાવરણ ગુંજાયમાન રહેતું ત્યાં આજે માંડ થોડા જિનબિંબો જોવા મળે છે અને ઉપાસકનું એક પણ ઘર જોવા મળતું નથી! કાળના વાયરાથી કોણ બચવા પામ્યું છે? આ નિતરું સત્ય નજર સામે હોવા છતાં માનવે શા કારણે ગુમાન કરવું જોઇએ? 'અહં' અને 'મમ'માં શા માટે આકંઠ બૂડવું ઘટે? સતત યાદ રાખવું જોઇએ કે-

'થતાં દરબારનો ડંકો, રહે ના ગર્વ બંકાનો;
શૂરાનો પણ સમય આવે, સમાધિમાં સમાવાનો.'

**(૧) રાતા મહાવીરજી :** રાજસ્થાનમાં બિજાપુર ગામ આવેલ છે અને ત્યાં જૈનોની વસતી પણ છે. સુંદર દેરાસર છે અને ધર્મશાળા પણ છે જ. ફાલનાથી બસ સર્વિસ પણ છે. લગભગ ત્રણ માઈલના ફાસલે પહાડની તળેટીમાં, બાવન જિનાલયનો સ્વાંગ રજૂ કરતું રાતા મહાવીરજી તરીકે ખ્યાતિ પામેલું આ ધામ છે. આજે વચલા દેવાલયમાં પ્રભુશ્રી મહાવીરદેવની લાલવર્ણી સુંદર મૂર્તિ બિરાજમાન છે. બીજા બિંબો પણ છે અને ભૂમિગૃહમાં પણ ઉપરનાં બિંબ જેવા રક્તવર્ણી બિંબ છે. આસપાસ બાવન દેહેરીઓનો ખ્યાલ આપતી ભમતી છે. ખાસ બિંબ નથી. જીર્ણોદ્ધાર કરાવ્યાથી લગભગ મોટોભાગ સુરક્ષિત બન્યો છે ને હજુય કેટલુંક કામ બાકી છે. આમ છતાં દેવાલય અને કારીગરી જોતાં પૂર્વ કાળે આ ધામ અતિશય આકર્ષક હશે જ અને આસપાસ મોટું નગર પણ હશે જ એમ જે ચિન્હો જોવા મળે છે એ ઉપરથી અનુમાની શકાય. કોતરણીવાળી સાખો, કમાડના તૂટેલા ભાગ, જાળીઓ, તેમજ ભગ્ન મૂર્તિઓના ખંડિત ભાગો બાજુના એક ભાગમાં સંઘરેલા છે. એ જોતાં જ આ ધામ સંબંધી જે ઇતિહાસ ઉપલબ્ધ થાય છે તેની યથાર્થતા સમજાય છે, બાજુની વિશાળ જગામાં સુંદર વૃક્ષો તેમજ સ્વાદુજળનો કૂવો છે. નજિકમાં ધર્મશાળા છે. પ્રાચીન સાહિત્યમાં એનો ઉલ્લેખ હથુંડી ઉર્ફે હસ્તીકુંડ તરીકે મળે છે. જુઓ- જૈનધર્મના ગત્નાસ્થળો, પા. ૧૫૮-૫૯.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) લક્ષ્મણી : આ ધામ અલીરાજપુરથી છ માઈલ દૂર હાલ તો અટૂલું ઊભું છે. ક્યાં તો દાહોદથી કિંવા છોટા ઉદેપુરથી અલીરાજપુર બસ માર્ગે આવવું. અહીંથી લક્ષ્મણી જવાનો બસનો માર્ગ છે તેમ સ્પેશીયલ બસ પણ મળે છે. આ તીર્થમાં ૧૦૧ દહેરાં હતાં શ્રાવકોના બે હજાર ઘર હતા. પેથડશાહે અહીં જિનાલય બંધાવ્યું હતું. પંદરમી સદી પછી મુસ્લીમો દ્વારા એનો ધ્વંસ થયો, લગભગ ચારસો વર્ષ સુધી આ તીર્થ અંધારામાં રહ્યું. સં. ૧૯૮૯માં ખેડૂતને જમીન ખેડતાં ૧૧ સુંદરાકૃતિ મૂર્તિઓ જોવામાં આવી. અલીપુરનરેશના કાને એ વાત પહોંચી. રાજવી સાથે જૈનસંઘના આગેવાનોને મીઠા સંબંધ હોવાથી, મૂર્તિઓ પ્રગટ થઇ, એ સ્થાનની આસપાસ ૬૧૧ ફીટ લાંબી અને ૫૧૧ ફીટ પહોળી જમીન સંઘને અર્પણ કરી. અલીરાજપુરના કાર્યદક્ષ ને ધર્મનિષ્ઠ શેઠશ્રી પનાલાલજીએ ત્રણ શિખરવાળો રમણિય પ્રાસાદ એ મંદિરના જૂના સ્થાન ઉપર ઊભો કર્યો. દેવાલયની બાંધણી અનોખી છે. એનો રંગમંડપ અતિવિશાળ છે. જૂદા-જૂદા ચિત્રોથી આજે તો આ દેવાલય શોભાયમાન બની ચૂક્યું છે. બાવન જિનાલયના, ખંડિયેરો આસપાસ સ્પષ્ટ જણાય છે. નજિકના પ્રદેશમાં એના ચિન્હો દૃષ્ટિગોચર થાય છે.

ખંડિત ભાગોમાં કેટલીક મૂર્તિઓ જે દર્શનીય હતી તે વ્યવસ્થાપકે દેવાલયના જુદા જુદા ભાગ ઉપર સુંદર રીતે બેસાડી છે. બીજા અવશેષો એક સ્થળે સંગ્રહેલા છે. વિશાળ ધર્મશાળા છે. આંબા વિ. ના વૃક્ષો રોપી સ્થાન રમણિય બનાવેલ છે. સ્વાદુજળનો કૂવો છે, કાર્યાલયમાં મુનિમ રહે છે. ખોદકામ કરવાથી હજુય ઘણું નિકળવા સંભવ છે શેઠ જેહાજી પુનમચંદની પેઢીવાળા શ્રીયુત પનાલાલજીએ કરકસરથી કામ હાથ ધરી આ સ્થળને જંગલમાં મંગળમય બનાવેલ છે. જિજ્ઞાસુએ 'શ્રી લક્ષ્મણી તીર્થ પ્રતિષ્ઠારાસ' નામા પુસ્તિકા વાંચવી, અગર 'જૈન ધર્મનાં યાત્રાસ્થળો' એ નામા ભારતીય સ્વયંસેવક પરિષદ તરફથી પ્રગટ થયેલી પુસ્તિકા જોવી.

उदयति यदि भानुः पश्चिमे दिग्विभागे,
प्रचलति यदि हैमः शीततां याति वह्निः ।
विकसति यदि पद्मं पर्वतानां शिखाग्रे,
न चलति खलु वाक्यं सज्जनानां कदाचित् ॥

માલિની

ઉદય કદિક થાયે ભાનુ પશ્ચિમ ભાગે,
જલનિધિ પણ ભાઇ આદમ મર્યાદ ત્યાગે;
પરવત પર પદ્મોના કદિ ઝુંડ થાય,
પણ સુજન ફરે ના બોલ બોલી જરાય.
કદિક રવિ શશીનો ભૂતલે વાસ થાય, કદિક પૃથ્વી ને આકાશ ભેળાઇ જાય;
કદિક શીતળતાનો અગ્નિમાં ભાસ થાય, સુજન ફરે ના બોલ બોલી જરાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સામાન્ય નીતિ

લેખક શ્રી બાલચંદ હીરાચંદ, 'સાહિત્યચંદ્ર'

જગતમાં આપણે સુખેથી રહેવું હોય, આપણા યોગક્ષેમ બરાબર સચવાય એમ લાગતું હોય, આપણી માનમાન્યતા પૂરી સચવાય અને આપણે કાંઈક લોક-પ્રિયતા સંપાદન કરવી હોય તો આપણને જગતની સામાન્ય નીતિનું પાલન કરવું જ પડશે. આપણે ધર્મ-ક્રિયાઓ કરતા હોઈએ કે ન કરતા હોઈએ એ મુખ્ય વસ્તુ નથી. કારણ આપણે ખૂબ આચારો કરતા હોઈએ, ધર્મવિહિત ક્રિયાઓ કરતાં હોઈએ અને દાનમાં પણ ખર્ચ કરતા હોઈએ તો પણ સામાન્ય નીતિનિયમો પાળવામાં આપણે નિષ્ફળ નિવડીએ તો આપણી એ કહેવાતી ધર્મક્રિયાઓ તદ્દન નિરુપયોગી જ થવાના. ઈશ્વર કે ધર્મને નહી માનનારો નાસ્તિક માણસ પણ જો જગતના નીતિનિયમો પૂરી રીતે પાળતો હશે તો તે લોકપ્રિય થઈ શકે છે. તેને લોકો સજ્જન લોકોની પંક્તિમાં ગણે છે. એ ઉપરથી જોવામાં આવે છે કે-ધર્મક્રિયાઓ એ સાધ્ય નથી, પણ સાધન છે. ધર્મક્રિયાઓ કે વ્રતો એ સજ્જન બનવા માટે ઉપયોગી સાધન છે. એ ક્રિયાઓ કરતા માણસમાં સજ્જનતા આવતી ન હોય તો નક્કી સમજી રાખવું જોઈએ કે, એની એ ધર્મક્રિયાઓ નિષ્ફળ જ છે. ખૂબ ધર્મના આચારો પાળતો હોય, રોજ પૂજા, સામાયક, પ્રતિક્રમણ આદિ ક્રિયાઓ કરતો હોય અને સાથે સાથે અસત્ય બોલે, છેતરપિંડી કરે, યદ્વાતદ્વા બકવાદ કરે, ખોટા વ્યવહાર કરતો રહે એવા એ માણસ માટે ધર્મક્રિયાઓ દંભરૂપ જ થઈ જાય છે. અને લોકો એ માણસ સાથે ધર્મની પણ નિંદા કરે છે. એવા માણસની એ અર્થહીન ક્રિયાઓથી ધર્મ લજવાય છે અને નિંદાય છે પણ ખરો. એમાં ધર્મક્રિયાઓનો કાંઈ દોષ નથી, પણ જે માણસ આવી અર્થહીન ક્રિયાઓ કરે છે તેનો દોષ છે. ધર્મક્રિયાઓ કરનારાઓએ આ વસ્તુનો વિચાર કરવો જોઈએ. ધર્મક્રિયાઓ કરતાં આપણામાં કાંઈક આત્મિક ગુણો વધ્યા કે કેમ? આપણે કાંઈક આપણા ખોટા આચરણો સુધાર્યાં કે કેમ, તેનો શાંત મને વિચાર કરવો જોઈએ. અને આપણા લીધે ધર્મ નિંદાતો નથીને? એની પણ તકેદારી રાખવી જોઈએ. એ સજ્જનતાના સામાન્ય નીતિનિયમો શું છે, અને તે કેવા અનિવાર્યપણે આપણે પાળવા જ જોઈએ એનો આપણે વિચાર કરીએ.

સામાન્ય નીતિ પાળવામાં પહેલી શર્ત એ હોવી જોઈએ કે, જગતમાં જેટલા જીવમાત્ર છે તેમના માટે દયાની કે મિત્રપણાની ભાવના રાખવી જોઈએ. એટલા માટે નિત્યના પ્રતિક્રમણમાં 'સાતલાખથી પ્રારંભ થતું સ્તોત્ર મૂકવામાં આવ્યું છે. એમાં સ્થાવરથી લગાડીને પંચેંદ્રિય મનુષ્ય તો શું પણ નારકલોકના અને દેવલોકના રહેનારા દેવતાઓ સુધી ચોરાસી લાખ જીવનપ્રકારોમાં રહેલા અનંત જીવોને માટે મૈત્રીની ભાવના રાખવાનું બતાવેલું છે. એ અનંત જીવોની સાથે ભૂલેચૂકે કે જાણતા પણ થયેલી અવજ્ઞાની એમાં ક્ષમા માંગવામાં આવેલી છે. એ વસ્તુ નિત્ય સ્મરણમાં રહે અને દરેક સાંસારિક કે વ્યવહારિક, સામાજિક કે ધાર્મિક કાર્ય કરતી વેળા એ વૃત્તિ જાગતી હોય તો જગતમાં વેરવિરોધ, સંઘર્ષ કે લડાઈ--ઝગડાઓનું કારણ જ ઉપસ્થિત ન થાય. માટેજ જીવમાત્ર માટે આપણે મિત્રતાની ભાવના કેળવતા રહેવું જોઈએ. તેમજ આપણા કરતાં વિશેષ જ્ઞાન અને બુદ્ધિમત્તા ધરાવ-નારા જે સત્પુરુષો હોય તેમને માટે આદર અને માનની ભાવના રાખવી જોઈએ. કારણ જે ગુણ કે ભાવ-નાની આપણે પ્રશંસા કરતા હોઈએ તેથી તે ગુણો અને ભાવનાઓ યથાવકાશ આપણામાં પ્રગટ થવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંભવ ઉત્પન્ન થાય છે. જેવી ઊંચી ભાવનાઓની કે ગુણોની આપણે પ્રશંસા કરીએ તે ભાવનાઓ આપણને ગમી જાય છે. અને સ્વભાવતઃજ આપણામાં તેવા સારા ગુણોનો આવિષ્કાર થવાનો યોગ મળી આવે છે, માટે જ આપણે જગતમાં સજ્જન થવું હોય તો સજ્જનોના ગુણોની કદર કરતાં આપણે શીખવું જોઇએ.

જ્યારે સજ્જનોના ઊંચા ગુણોની પ્રશંસા કરીએ ત્યારે જગતમાં જેમ ઊંચા ગુણો ધરાવનારા માણસો છે તેમ તુચ્છ અને હલકા ગુણો ધરાવનારાં દુષ્ટ, અધમ, ચાંડાળ એવા લોકો પણ છે, તેમના માટે આપણે કેવી ભાવના રાખીએ એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ત્યારે તેના માટે આપણે દયા અને કરુણાની ભાવના રાખવી જોઇએ. એવા લોકો બીચારા કર્મવશ રહીને કૂડાં કામો કરે છે, એમ માની, જેમ કોઇ દુઃખી કે રોગી માણસ માટે આપણે કરુણાની ભાવના રાખીએ છીએ તેવી જ ભાવના તેમના માટે રાખવી જોઇએ. દુર્ગુણ એ પણ એક જાતનો રોગ જ હોય છે. અને ઘણા લોકો એ રોગથી પીડાતા હોય છે. એટલા માટે જ એવા રોગગ્રસ્ત માનવો માટે આપણે કરુણા અને દયાની જ ભાવના રાખવી જોઇએ. એકાદ વ્યસની માણસ હોય છે. એને પોતાની વ્યસનની પરાધીનતા અને ખોટાં પરિણામો તેના જાણવામાં આવે છે ત્યારે તે મોઢેથી કબૂલ કરે છે કે આ વ્યસન મને વળગ્યું છે. પણ હું એ છોડી શક્તો નથી. ભૂતની પેઠે મને એ સતાવ્યા જ કરે છે. આમ બોલનાર માટે આપણે કરુણ. અને દયા સિવાય બીજી કયી ભાવના રાખી શકીએ ? એવી કરુણાની ભાવના આપણા આત્માને એકાંતે ગુણ કરનારી જ થશે એમાં શંકા નથી.

એથી પણ આગળ વધી આપણા જોવામાં અને જાણવામાં આવે છે, એ જીવો એવા હોય છે કે તેઓ હંમેશ વિપરીત ભયંકર કામો કરતા હોય છે. એઓ માટે શું કરી શકીએ ? એવાઓ ઉપર આપણે દયા બતાવી ન શકીએ તેમ પ્રશંસા તો ન જ કરી શકીએ. ત્યારે શું તેવાઓ સામે આપણે ગુસ્સો કે ષદ્રો બતાવીએ ? ના, એમ તો આપણાથી ન જ કરી શકાય. બીજાઓ સામે આપણે રોષ બતાવતા પહેલાં આપણે પોતાનું જ પહેલાં ગુમાવવું પડશે. એમ શા માટે આપણે કરીએ ? દયાની ભાવના પણ જ્યાં ટૂંકી પડતી હોય ત્યાં આપણને ચૂપ બેસી રહેવા વિના માર્ગ જ નથી. અર્થાત્ એવે પ્રસંગે તટસ્થવૃત્તિ રાખ્યા વિના બીજો રસ્તો જ નથી. જેની આપણે પ્રશંસા કે અનુમોદના પણ કરવી યુક્ત ન હોય અને દયાની ભાવના પણ લૂલી જણાય ત્યાં મધ્યસ્થ ભાવના સિવાય બીજો કોઈ માર્ગ જ જણાતો નથી

જગતમાં રહેવું તો પડે છે જ. ત્યારે અનેક જાતના માનવોનો સંપર્ક તો આવી પડવાનો જ. તેવે પ્રસંગે આપણી ભાવના દૂષિત ન થઈ જાય તે માટે વધુ સાવચેતી રાખવી એ આપણી ફરજ થઇ પડે છે, માટે જ આપણે જગતમાં કે વિશ્વમાં રહેલા જીવ માત્ર માટે દયાની ભાવના કેળવવી. આપણાથી વધુ જ્ઞાની અને ગુણવાનની ખૂબ પ્રશંસા કરવી. અનેક દુર્ગુણો અને વ્યસનને આધીન કોઇ રહે તેને માટે કરુણાની ભાવના રાખવી અને જે અત્યંત વિપરીત રીતે જ વર્તતો હોય તેને માટે તટસ્થ કે મધ્યસ્થ ભાવના કેળવવી એ આપણી ફરજ છે. એ રીતે જ આપણે જગતમાં રહી શાંતતા અનુભવી શકીએ, એ ધ્યાનમાં રાખવું જોઇએ.

ઉપર કહેલી ભાવના નહીં કેળવતા આપણે જો ધર્મક્રિયા જ કરતા રહીએ તો એ આપણી ધર્મક્રિયા નિષ્ફળ જ થવાની એ ધ્યાનમાં રાખવું જોઇએ. ધર્મક્રિયા આપણે કરીએ એ પૂર્વોક્ત નીતિની ભાવના જાગતી થાય અને આપણો આત્મા વધુ ઉન્નત બને એ માટે જ કરવાની હોય છે. એક પોપટની પેઠે વગર સમજે અને આપણા હૃદય સુધી નહીં પહોંચે એવી ક્રિયા એ પ્રાણ વગરના શરીર જેવી છે. અંદર પ્રાણ હોય તો જ શરીરદ્વારા આત્મા કાંઈક કરી શકે છે, તેમ આપણી ધર્મક્રિયા સાથે આપણી ભાવના પણ જાગૃત થઈ ઓતપ્રોત થવી જોઇએ. અમારા લખાણોનો સાચો હેતુ જાણી જગતમાં સુખેથી રહી આપણા આત્માને ઊંચે ચઢાવવો હોય તો આપણે ક્રિયાઓનો હેતુ અને તેનું કાર્ય સમજી લઈ આપણી ક્રિયાઓ શુદ્ધ અને ફળ આપનારી થાય તેવી રીતે આપણી ભાવનાઓ કેળવવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ તં ત્ર તા

લેખક-મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી

સર્વ પ્રાણી માત્ર સ્વતંત્રતા ઈચ્છનાર હોય છે. મોટા મનુષ્યને સ્વતંત્રતા મેળવવાને જેટલી ઈચ્છા હોય છે તેટલી જ નાના મનુષ્યને હોય છે. મોટા મનુષ્યો સ્વતંત્રતા મેળવવાને જેમ ક્રિયા કરે છે તેમજ નાના મનુષ્ય પણ કરે છે. તેમજ આ ઇચ્છા કાંઇ અયોગ્ય નથી પણ યોગ્ય જ છે. જગતમાં સ્વતંત્ર હોવાનો સ્વાભાવિક ગુણ છે. તેથી જ તેવી ઈચ્છા સદા મનુષ્યના હૃદયમાં રહે છે. સ્વતંત્રતા મેળવવી એ અગત્યની છે. પ્રાણી માત્રે તે જ્યાં સુધી મેળવી નથી ત્યાં સુધી તે પૂર્ણ થતો નથી તેથી એ મેળવવા માટે આ મનુષ્ય જન્મ છે એમ સ્વીકારીએ. હવે તેના બે પ્રકાર પડી જાય એક સ્થૂલથી અને અન્ય કર્મથી. મનુષ્ય જન્મ એ એવું જીવન છે કે જે જીવનથી બંને પ્રકારનાં બંધન તોડી શકાય તેમ છે. આજ ઘણા મનુષ્યનાં જીવન કેવળ પરવશ જેવા નજરે પડે છે, તે શું ઓછું શોચનીય છે? મનુષ્ય જન્મ પામી કર્મરૂપ પરતંત્રતાની બેડીને તોડી સ્વતંત્ર થવાનો પ્રયત્ન કરવો એ મનુષ્ય જીવન માટે સાર્થક છે. આ કર્મરૂપ બેડીને તોડવા-ને કાંઈ પણ પ્રકારનાં સ્થૂલ સાધનની અગત્ય છે એમ નથી. સાધનના દુરુપયોગથી જ આપણે કર્મરૂપ પરતંત્રતાની ધૂંસરીમાં વધુ ઘસડાઇએ છીએ. તેજ સાધનનો સદુપયોગ થાય તો જ ધૂંસરીમાંથી મુક્ત થવાય તેમ છે. મનુષ્ય વ્યવહાર અને પરમાર્થની જે જે ક્રિયાઓ કરે છે તે સ્વતંત્રતાને માટે જ હોય છે. પણ અયોગ્ય ઉપયોગ થવાથી સ્વતંત્રતા ન મળતાં જ પરતંત્રતા પ્રાપ્ત થાય છે અર્થાત્ બંધન વધે છે. ઇંદ્રિયો જે વૃત્તિ અને જે મનના સદુપયોગથી સ્વતંત્રતા પ્રાપ્ત થાય તેમ છે, તે જ ઇંદ્રિયો જે તે જ મન, તે જ વૃત્તિઓના દુરુપયોગથી બંધન પ્રાપ્ત થાય છે. જાતિના, વિવેકના, ધર્મના એ આદિ અનેક પ્રકારે સ્વતંત્રતા મેળવવા રચાએલ છે. પણ તે જ નિયમનું યથાર્થ રહસ્ય જાણી તેનું યથાર્થ પાલન થવાથી જ બંધનમાં મુકાઇએ છીએ. એક જ માર્ગ છે, તો પણ તેમાંથી સ્વતંત્રતા પ્રાપ્ત કરવી અગર બંધ વધારવા એ મનુષ્યના હાથમાં જ છે. માર્ગ તો ખરેખર સ્વતંત્રતા અર્પવાને અર્થે જ રચાએલ છે; પણ તેનો યથાર્થ ઉપયોગ ન કરી શકતા મનુષ્ય બંધને જ વધારે છે. બંધ કે સ્વતંત્રતા એ બેમાંથી એક પણ પોતાની મેળે આવીને મનુષ્યને પ્રાપ્ત થતાં નથી. મનુષ્ય જેને આવકાર આપે છે, તે તેને મળે છે. મનુષ્યને બંધન અનાયાસે આવી મળતું નથી પણ જે તેનું ગ્રહણ કરે છે, તેને જ તે મળે છે. મનુષ્ય જન્મ સ્વતંત્રતા મેળવવા મળે છે, પણ તે ન જાણતાં તેને જાગૃતમાં ન રાખતાં મનુષ્ય તેને મેળવી શકતો નથી. મનુષ્યે નીરંતર બંધનને જ આવકાર આપેલ છે અને તેથી બંધનમાં જ તે પડી રહે છે. "આપણે જીવ છીએ માટે આપણે બંધન હોવા જ જોઇએ" એ માનવું ભૂલભરેલ છે. હા, એ તો સત્ય જ છે કે આપણને કર્મરૂપી બંધન છે પણ તેને છોડવાને આપણે સમર્થ છીએ. બાકી આવા વિચારને લઇને જ મનુષ્ય બંધન વધારતા જાય છે. જેવા કે, આપણે બંધનમાં જન્મીએ છીએ અને બંધનમાં જ મરવાના, એવા આપણાં ક્યાંથી સુકૃત કે આપણે તેને તોડી શકીએ. મોટા મોટા મહાત્માજનોને બંધન હોય તો આપણે કોણુ માત્ર? આમ સ્વીકારવું એ તો તદ્દન ખોટું જ છે. કૃત્ય કરીએ છીએ તે આપણે જ કરીએ છીએ, એટલે કે સારા કૃત્ય કરવાને પણ આપણે જ સમર્થ છીએ તો પછી આપણાં એવાં ક્યાંથી સુકૃત કે આપણે બંધનને તોડીએ, એ શું માનવા લાયક કહી શકાય? બીલકુલ જ નહિ. પોતે બંધનને લાયક છે એમ દૃઢપણે અંતરથી માનીને જ મનુષ્ય નિરંતર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધુ ને વધુ બંધનને પ્રાપ્ત થાય છે, મનુષ્યો પોતાના મનની દુર્બળતાને લઇને જ બધનને પ્રાપ્ત કરે છે. જ્યારે બળવાન અને આગ્રહી મનવાળા તો સ્વતંત્રતાને જ મેળવવા પ્રયત્ન કરે છે. જે બળવાન છે તે જ પાર પાડી શકે છે. દાખલા તરીકે કાગળની હોડીથી કાંઇ નદીપાર ઉતરાય નહિ પણ લાકડાની હોડી તે કામ પાર પાડે તેમજ મનને જો કાગળ જેવું નિર્બળ રાખવામાં આવે તો યથેચ્છા સિદ્ધ થાય નહિં પણ જ્યારે તેને લાકડાના જેવું કઠણ, બળવાન, વજ્ર જેવું બનાવવામાં આવે ત્યારે જ યથેચ્છ લાભ મેળવી શકાય. માટીના વાસણમાં જેમ સિંહણનું દૂધ ટકતું નથી તેમ નિર્બળ મનમાં સ્વતંત્રતા મેળવવાની શકિત ટકી શકતી નથી. અમુક સ્થિતિને પ્રાપ્ત થતાં ગ્લાનિ, ખેદ, દુઃખ ઈત્યાદિક જે તેઓ ધરે છે તે નિર્બળ મનના જ હોય છે. દુર્બળ અંતઃકરણના મનુષ્યો જ ભય, શોક, ચિન્તા, ક્રોધ, વિકાર, દ્વેષ વિગેરેને ધારણ કરે છે અને તેથી જ બંધનને પ્રાપ્ત થાય છે. બળવાન અંતઃકરણવાળાને આમાંનું કશું થતું નથી. અને તેથી તે જ બંધન રોકવા અને તોડવાને જ સ્વતંત્રતા મેળવવા સમર્થ થઇ શકે છે. જે અંતઃકરણ વારંવાર ક્ષુદ્ર પ્રસંગથી પણ શોક, મોહ, ભય, ચિન્તા, ક્રોધ, અસુયા, ઈર્ષ્યા વિકારોને ધારણ કરે છે, તે મનુષ્ય જ તેથી બંધનને મેળવે છે. ઉપર્યુક્ત વિચારો જ અંતઃકરણના બંધન છે. આવા વિકારવાળા અંતઃકરણની સ્થિતિ દુર્બળ મન કહી શકાય. દુર્બળ મનને લઇને બંધન વધે છે અને જેમ જેમ બંધન વધતા જાય છે તેમ તેમ તે એવી સ્થિતિમાં મુકાતો જાય છે કે બંધન જ વધ્યાં જાય છે અને તેનું મન પણ અધિક દુર્બળ થતું જાય છે. આપણે તો સ્વતંત્રતાના ઈચ્છક છીએ માટે આપણું અંતઃકરણ દુર્બળ ન કરવું અને દુર્બળ ન બને એવા સાવધાનતા રાખવી. અંતઃકરણ જેમ સ્વતંત્ર રહે છે તેમ પ્રસન્ન રહે છે તેથી તે વિશાળ દૃષ્ટિવાળું બનતું જાય છે. બળવાન, દૃઢ આગ્રહી અંતઃકરણ જ સુખના, શાંતિના, જ્ઞાનના, પ્રેમના આદિ અનેક શુભવિચારને સેવી શકે છે. આત્મા કે જે સત્તાએ પરમાત્મા છે તેથી પરમાત્માપણું પ્રાપ્ત કરવા અર્થે એવી વાતો પૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત કરવા અર્થે અંતઃકરણને બળવાન, દૃઢ, આગ્રહી તેમજ નિર્વિકારી બનાવો. આમ થશે તો જ તમે સ્વતંત્રતાને મેળવી શકશો. ખરેખર અમુક ક્રિયા ખોટી નથી, એવું જાણવા છતાં પણ તે ન કરતાં અર્થાત્ તે તે સેવતાં બંધનને સેવો છો. અત્ર બંધનની વ્યાખ્યા ઉપર જેને બંધન કહેલ છે તેથી જુદી છે. અર્થાત અત્ર એવી વ્યાખ્યા કરી બંધન શબ્દ મૂકેલ છે કે–પ્રચલિત રૂઢીને અથવા જે કરીએ છીએ તેજ ઠીક છે, એવા બંધનને આ પ્રકારનું બંધન તમારી ઉન્નતિના પથમાં વિઘ્નકારી છે. તેથી તેવા બંધનનો ત્યાગ કરવો અગત્યનો છે, અથવા બંધનો ત્યાગ કરી સત્ય ક્રિયા કે જેને તમો ખરેખર સત્યરૂપે કરવા યોગ્ય છે એવું જાણો છો તેને આદરો કે તત્કાલ તમને સુખનું ભાન થશે. અજ્ઞાનતાએ કરીને ઉપરના બંધનને તમો તજી શકતા નથી અને તેથી તમે તમારું ખરું હિત સાધી શકતા નથી અને આવા બંધનને તમો સ્વીકારો છો અને તમારા અંતઃકરણને દુર્બળ બનાવો છો. આમ છતાં તમારા વિકાસમાં તેમજ ઉન્નતિમાં પણ વિલંબને સેવો છો. આમાં બંધનને જ્યાં સુધી નીવારવામાં નહિ આવે ત્યાં સુધી અંતઃકરણમાં ખરું બળ પણ પ્રકટ થશે નહિ. આવા બંધનોએ જગતમાં કેટલા બળનો નાશ કર્યો છે તે જગતમાં કોણ સમજી શકે તેમ છે ? સ્વતંત્રતા મેળવવા માટે અંતઃકરણમાં જે બળની જરૂર છે, તે બળ આવા બંધનના સેવનથી નાશ થાય છે. અને જ્યાં સુધી અંતઃકરણમાં બળ પ્રકટતું નથી ત્યાં સુધી જ્ઞાન તથા યથેચ્છ સુખની પ્રાપ્તિ થતી નથી. મનુષ્યને આવા બંધન પણ શોક તથા ભયના વિચારને લઇને જ થઈ ગયેલ હોય છે, તે આ પ્રકારે કે–અમુક હું કરીશ તો મારી હાંસી તો નહિ થાય ને અથવા અપવાદ તો નહિ આવે, એ આદિ અનેક પ્રકારે મનુષ્યનું મન અવ્યવસ્થિત રહે છે. કોઈ પણ કારણ વિનાના નિશ્ચયો અનેક પ્રકારે મનુષ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાંધે છે. તેના હેતુનો બુદ્ધિમાન વિચાર કરે છે ત્યારે અંદર કશું જ તત્ત્વ હોતું નથી, તેમ છતાં કરવા યોગ્ય ક્રિયા ન કરવા યોગ્ય મનાયલી વાતને લઇને તેઓ કરવાની હીંમત કરી શક્તા નથી. કદાચ તેમાંથી વિકાસ અગર ઉન્નતિ થાય તેમ હોય તો પણ પ્રયોજન વિનાની ક્રિયા કરી સામર્થ્યમાંથી ઘટાડો કરે છે. સૂક્ષ્મપણે અવલોકન કરતાં જણાય છે કે મનુષ્ય અનેક ક્ષુદ્ર બંધનને સેવે છે અને યોગ્ય ક્રિયા સાધતો નથી અને તેથી આ જન્મની ઉન્નતિ સાધી શકતે નથી. તેમજ કર્મબંધનને પણ વધારતો જ જાય છે. જગત જો કે તત્વના, વિદ્યાના, કલાના, દેશોદય, સ્ત્રીશિક્ષણ, બાલકેળવણી, ગાયનકલા, શાસ્ત્રવિદ્યા વિગેરે અનેક બાબતમાં આગળ વધેલ છે, પણ આવા ક્ષુદ્ર બંધનને તોડવા હજુ જોઇએ તેવું કોઇ ભાગ્યે જ સમર્થ થાય છે. આવા પ્રકારની બાહ્ય સ્થૂલ સ્વતંત્રતા પણ હજુ તે મેળવવા જ્યારે જગત આગળ હાલમાં વધેલ માલૂમ નથી પડતું તો પછી પૂર્ણ સ્વતંત્રતા મેળવવા તો ક્યાંથી આગળ પ્રયત્ને વધેલ હોય ! પૂર્વે કદાચ ભલે જગત તે બાબતમાં આગળ વધેલ હશે પણ ચાલુ સમયમાં તો જગત તે બાબતમાં પછાત જ માલૂમ પડે છે. કદાચ કોઇ વીરલા પુરુષો પ્રયત્નને સેવતા હશે પણ સર્વસામાન્ય આવા સ્થૂલ ભય જ જ્યાં સુધી મનુષ્યનું અંતઃકરણ કારણ કરે છે ત્યાં સુધી તે દુર્બળ મનનો જ છે તેથી અનેક નિર્દોષ બાબતોમાં પણ તે લોકભયથી ડરી આગળ વધી શકતો નથી. દાખલા તરીકે ધારો કે એક મનુષ્યને રૂપાની થાળીમાં નિત્ય જમવાની ઇચ્છા છે તેમજ તે પ્રમાણે કરવાને તે શકિતમાન છે તેમજ તેની પાસે તે ચીજ પણ છે છતાં તે લોકભયથી ડરી તેમ કરતો નથી. જો કે તે કોઈપણ જાતના દોષરૂપ નથી, તો પણ અજ્ઞાન લોકભયથી ડરી આમ પોતાનું ધારેલ કાર્ય નથી કરતો. કહો આથી શું વધુ મનુષ્યની નિર્બળતાનો દાખલો આપીએ ? મનુષ્યોને પોતાની વૃત્તિઓ અનેક નિર્દોષ ક્રિયા કરવાની હોય છે તો પણ તેમના મનની દુર્બળતાને લઇને પાછો પડે છે. નિર્દોષ ઇચ્છાઓથી અનેક બળનો ક્ષય થાય છે. અને ઉન્નતિ થઇ શક્તી નથી. માટે આવા બંધનને તોડવા જ અને પોતાની નિર્દોષ ઇચ્છાઓને ક્રિયામાં મૂકવા લોકભયનો વિચાર તો મનમાં રાખવો નહિ એટલે કે લોકભયને ત્યજવો અને આવા બંધનોનું સેવન ન કરવું પણ પોતાની નિર્દોષ ઈચ્છાઓનું ઘણા જ ઉત્સાહ, વેગ, આગ્રહ વિગેરેથી સેવન કરી પાર પાડવી. કર્મનાં બંધન જ એકલાં મનુષ્યને હાનિ કરે છે એમ નહિ પણ આવાં પ્રકારનાં લોકબંધન પણ મનુષ્યના ઉન્નતિ તેમજ વિકાસક્રમમાં હાનિ કરે છે. એ ઉપર્યુક્ત સત્ય સિદ્ધ થયું. મનુષ્યનું સર્વોત્તમ હિત કરનાર સદા તેનું અંતર જ છે. તે કદી અહિતકરને પ્રગટ કરતું નથી. નિરંતર તે તો હિતકર ઇચ્છાઓ જ પ્રગટ કરવા પ્રયત્ન કરે છે. આમ છે માટે જ અંતર નિર્દોષ ગણાય છે અને તેથી તેની ખરી નિર્દોષ ઇચ્છાઓ અટકાવવી એ મહાપાપ છે. બહારનાં સંબંધને લઇને ખોટી વૃત્તિ કરવા તરફ મન આકર્ષાય છે પણ તે ઉપલક વિચાર જ હોય છે. ખરેખર અંતરથી ડંખે છે. આવે વખતે અન્ય સંબંધીએ બેવડી રીતે તેને હિતબોધ આપવો ઘટિત છે. કેટલીક વખતે અમુક અંશે લોકભય હિતકર હોય છે, પણ તે દરેક બાબતમાં તો નહિ જ. નિર્દોષ ઈચ્છાઓને પાર પાડવામાં જો લોકભયથી અટકાવ જ થતો હોય તો તેનો ત્યાગ જ કરવો. અયોગ્ય પ્રકારે વર્ત્તવાથી, અઘટીત માર્ગે વહન કરવાથી કાંઇ સ્વતંત્રતા મળી શકતી નથી અથવા એવું કૃત્ય કરી કહેવું કે હું મારી સ્વતંત્ર ઇચ્છાઓને પોષું છું તે તદ્દન ખોટું છે. તે ઇચ્છાઓ તે સ્વતંત્ર ઈચ્છાઓ નથી પણ કર્મના બંધનરૂપ હોઇ પરતંત્ર ઈચ્છાઓ છે. એટલે કે, નીચ કર્મોદયને લઇને તેવી ઇચ્છાઓ થાય છે. ભલેને તે કર્મને તોડી ખરેખર સ્વતંત્રતા જ પ્રાપ્ત કરવી છે તો આવી અયોગ્ય ઇચ્છાઓને દાબી દેવી. આ જગતના સર્વ પદાર્થના સંબંધે જ કહી તેવી કંઇ પૂર્ણ સ્વતંત્રતા મેળવી શકાય નહિ. જેવા કે ધન, ગૃહ, સગા-સંબંધી, સ્ત્રી, પુત્ર, આદિ પરિવાર સ્વતંત્રતા મેળવવાને માટે તો મૂળ ગુણ " જ્ઞાનદર્શન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




અને ચારિત્રરૂપ ત્રણ રત્નનું જ સેવન કરવું જોઇએ તે જ આદરણીય છે". કારણ કે ખરેખર સ્વતંત્ર આત્મા જ છે અને તેના મૂળ ગુણના જ સેવનથી તે નામાકૃતિ રમતી રાખવાથી અને તેનો જ સાર ગ્રહણ કરવાથી ખરી સ્વતંત્રતા મળે છે. તેમજ આજન્મ પણ સુખમાં, આનંદમાં અને શાંતિમાં પસાર થાય છે, ઉચ્ચ તત્ત્વ પ્રાપ્ત થાય છે અને એ જ પ્રમાણે નિવૃતિથી અંતે શુદ્ધતત્વ, પરમતત્વ પ્રાપ્ત થાય છે, ત્યારે જ આત્મા કોઇ પણ બંધ વિનાનો હોય છે. ત્યાં જ તે ખરેખર જ્યોતિરૂપે સ્થિત થાય છે અને પોતાના મૂળ સ્વાભાવિક ગુણમાં જ રમણતો તત્ર હોય છે. અંતરમાંથી સ્ફુરેલ ક્રિયા જ નિર્દોષ હોય છે કારણ કે તેને કોઇની પરવા હોતી નથી, એ જ ક્રિયા કરવાથી લાભ તેમજ હિત થાય છે અને તેથી બળ વધે છે-સામર્થ્ય વધે છે. જેઓને અંતર આત્મામાં વિશ્વાસ હોતો નથી તેઓ જ ઉન્નતિને સાધી શક્તા નથી. જેઓ આ બહારના સ્થૂલ પદાર્થ ઉપર આધાર રાખે છે, કે જે પદાર્થ કદીપણ પૂર્ણ સુખમય છે નહિ કે જેથી સુખને ને ઉન્નતિને અર્પી શકે તેથી તેઓ વિકાસને ન સાધે એમાં શી નવાઈ ! અંતર આત્મા ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખો. તે સંબંધે શંકાનું સ્થાન ન આપો. તમારી સર્વ ઈચ્છાઓ તેના જ આશ્રરામાં સિદ્ધ થાય છે. એના આશરાથી ભય પામવાનું કંઇ જ કારણ નથી. તે પ્રેમસ્વરૂપ છે ને તમારાં અંતઃકરણનું બલ જાણે છે અને તે પ્રમાણે તમો કરી શકો તેટલા જ સામર્થ્યની ઈચ્છા પ્રકટાવે છે અને તેથી તે ઈચ્છા પાર પાડવી એ જ હિતાસ્પદ છે. આત્મા જ પૂર્ણ સ્વતંત્ર છે તેથી તમે તેના નીકટના સબંધને સેવો તો તમે પણ તે જ ગુણને પ્રાપ્ત કરો તેમાં શી નવાઈ ! નાનું બાળક જેમ માતાથી વેગળું હોય છે, ત્યારે ભયને પામે છે. પણ નીકટમાં તો નિર્ભયતાને જ ધારણ કરે છે તેમજ તમો પણ આત્માના નીકટસંબંધે જ નિર્ભય રહી શકો તેમ છો. અને જો તેના સંબંધથી દૂર ને દૂર નાસશો તો ભય જ .તમારામાં વાસો કરશે. જે બંધન સેવવાથી કશો લાભ જ નથી એવાં કર્મરૂપ બંધન તેમ જગતવ્યવહારરૂપ બંધનને સેવી કયો બુદ્ધિમાન ઈપ્સીતાર્થ સિદ્ધ કરી શકે તેમ છે ? લૌકિક ઉન્નતિ તેમજ વિકાસ જગતનાં વ્યાવહારિક બંધન તોડી તમારા બળ ઉપર ઝઝૂમતા હશો તો જ મળશે; તેમજ અલૌકિક સુખ, અનંત સુખ, આનંદ, અનંતસંપત્તિ, નીરાબાધ સુખ પણ કર્મબંધનને તોડવાથી જ મળશે. તમે જે નિર્દોષ ક્રિયાને સેવશો તો તમારું હિત કરશે. એટલું જ નહિ પણ અન્યનું અહિત કરવા સમર્થ થઈ શકે તેમ નથી, કારણ તમારી ઇચ્છા અન્યનું અહિત કરવા પર નથી અર્થાત્ તમે કોઈનું પણ અહિત ઈચ્છતા નથી. આ સાથે લક્ષમાં રાખવા લાયક બાબત એ છે કે સત્સમાગમ સદ્દગુરુનો મેળાપ અત્ર યથેચ્છ લાભને પ્રાપ્ત કરવા અર્થે વધુ હિતકર હોઈ શકે તેમ છે, માટે તમો વિવેકી તેમજ વિનયી બની સત્સમાગમથી સદ્દગુરુનું સેવન કરતાં રહેશો. સજ્જન પુરુષો કોઇના અહિત કરવા તરફ હોતા નથી. તેમજ જ્ઞાનવંત હોઇ અયોગ્ય ઇચ્છાઓને પણ પોષતા નથી. તમે પણ તેમના સંબંધે જ અત્યંત લાભ મેળવશો અને આ રીતે તે તેમનો સંબંધ હિતકર નીવડશે. ક્રોધ, મોહ, દ્વેષ આદિ દુર્ગુણોને ત્યજી સદ્દગુણો જેવાં કે પ્રેમ, સંતોષ, સદ્દઉદ્યમ આદિનું સેવન કરો. અંતઃકરણને બળવાન બનાવો. દુર્બળતાનો નાશ કરો. તેવા વિચારને તમારા હૃદયપ્રદેશમાં સ્થાન આપશો નહિ અને નિશ્ચય માનજો કે એથી તમારો ઉદય જ; ઉન્નતિ જ થશે.

પ્રિય વાંચક ! આ વિષય ગહન હોઈ ઉપલક વાંચી જવાથી તેનું રહસ્ય સમજાય તેમ નથી, માટે તેનું મનનપૂર્વક તમારા અંતર આત્માના ઊંડાણ પ્રદેશમાં ઊતારી વિષયનું રહસ્ય જાણવા પ્રયત્ન કરશો. તમો તે જાણવા સમર્થ છો, પણ ઉપર્યુક્ત તેનું અંતર આત્મામાં મનન કરવાથી જ લાભ મળશે.

અત્ર વિષય તાત્પર્ય એ છે કે—વ્યવહારનાં તેમજ મનનાં બંધનને સેવી તમારી ઉન્નતિને ગુમાવતા નહિં, નિર્દોષ ક્રિયા કરતાં સંકોચાવું નહિ. વિવેકનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સાહિત્યનો ઈતિહાસ

લેખક પં. શ્રી દલસુખ માલવણિયા

(ગતાંક પૃષ્ઠ ૧૦૦ થી શરૂ)

## આચારાંગસૂત્ર

### ૨

વેદ અને બ્રાહ્મણ ગ્રન્થોમાં સ્તુતિઓ ઘણી જ છે, પણ આધ્યાત્મિક ચિન્તન બહુ ઓછું જોવા મળે છે. ઉપનિષદોમાં જરૂર આધ્યાત્મિક ચિન્તન મળે છે પણ તેમાં ચિન્તન-મનન તેમજ સાધનાનો માર્ગ શું છે તે બતાવવામાં આવ્યું નથી. સાધકની દૈનિક જીવન-ચર્યા કેવી હોવી જોઇએ એટલે કે સાધકે કેવી રીતે ચાલવું, બેસવું, ખાવું પીવું તેમજ તેણે કેવી રીતે તન, મન અને વચનની પ્રવૃત્તિને આધ્યાત્મિક સાધના તરફ વાળવી એ બાબતનો કોઇ રાજમાર્ગ તેમાં બતાવવામાં આવ્યો નથી.

આ રીતે ઉપનિષદમાં બ્રહ્મવાર્તા તો છે પણ બ્રહ્મચર્ય વિષે તેમાં માહિતી મળતી નથી. ચિન્તન-મનન કરવાનો ઉપદેશ તેમાં આપવામાં આવ્યો છે પણ તે માટે સાધકના જીવનમાં કેવી યોગ્યતા હોવી જોઇએ અને કેવા ગુણો હોવા જોઇએ તથા કેવો સંયમ હોવો જોઈએ તેના સ્પષ્ટ વિધિવિધાન ઉપનિષદોમાં જોવામાં આવતાં નથી. જેમાં સંયમના વિધિવિધાન પણ નથી, કે ત્યાગ અને તપનું પણ તેમાં વિધાન નથી.

જો આધ્યાત્મિક ચિન્તન-મનન તેમજ સંયમી જીવનક્રમનો સાક્ષાત્કાર કરવો હોય તો આપણી સમક્ષ શ્રમણ પરંપરાનું આ પ્રાચીન સર્વોત્કૃષ્ટ કાવ્ય '**આચારાંગસૂત્ર**' છે. સાહિત્યિક તેમ જ સાંસ્કૃતિક પરંપરાની વિચારણા કરવાથી માલૂમ પડે છે કે શ્રમણ અને બ્રાહ્મણ એ બે પરંપરાઓ એક વખત સંપૂર્ણ ભિન્ન રહી હોવા છતાં આચારાંગના નિર્માણસમયે બન્ને પરંપરાઓમાં એક બીજાના ગ્રન્થોમાંથી આદાન-પ્રદાનની પ્રવૃત્તિ શરૂ થઈ ગઈ હતી. બ્રાહ્મણોએ શ્રમણ પરંપરાના અને શ્રમણોએ બ્રાહ્મણ પરંપરાના જીવનને ઉન્નત બનાવનારા વિચારોને અપનાવી સમન્વય કરવાનો પ્રયત્ન કર્યો હતો. આચારાંગ જે શ્રમણોનું શાસ્ત્ર છે -તેમાં બ્રાહ્મણ ગ્રન્થોના પારિભાષિક શબ્દોનો નવા અર્થમાં પ્રયોગ થયેલા જોવા મળે છે.

વૈદિક આર્યોના આરાધ્ય ઇન્દ્ર વગેરે દેવોને ઘણા જ બળવાન માનવામાં આવે છે. તે દેવોની વીરતા હિંસાના સામર્થ્યમાં રહેલી છે. તેમના ઉપાસક આર્ય બ્રાહ્મણો તેમજ ઋષિ-મહર્ષિઓએ તે દેવોની હિંસાવૃત્તિની નિંદા કરી નથી. ઉલટું તેમની પ્રશંસા કરી છે અને તેમની વીરતાનાં ગાન ગાયાં છે.

પરંતુ આચારાંગ તો વૈદિક શબ્દોમાં જ એક અનોખી અને વિશિષ્ટ પરંપરા ઊભી કરે છે. તેમાં વીરતા, મહાવીરતા, બ્રાહ્મણત્વ, આર્યત્વ, મેધા, અને

---

વિસ્મરણ ન કરવું. તેમજ સમુદાય અને જનસંગને અહિતકર ન હોય અથવા તેવા કૃત્યથી અન્યનું અહિત ન થતું હોય તેવા કૃત્યોનું સ્વતંત્રપણે પાલન કરવું. સ્થિતિ તેમજ સમયનો વિવેક પણ રાખવો. પ્રિય વાંચક ! વ્યવહારિક તેમજ કર્મનાં બંધનને તોડવા પ્રયત્ન આદરો ને તમારા જીવનની, મનુષ્ય જન્મની સાર્થકતા કરો ને આત્માને ઉજ્જવળ બનાવો ને આગળ ધપો તે જ ખરી સ્વતંત્રતા છે.

For Private And Personal Use Only

પ્રજ્ઞાના રૂપ વૈદિકોની હિંસાપ્રધાન પરંપરાથી વિપરીત વિશ્વમૈત્રી તેમજ સમભાવમૂલક અહિંસાની સાથે ઓતપ્રોત થયેલા જોવા મળે છે.

ખુદ જ્ઞાતપુત્ર સન્મતિ-મહાવીરની તપપ્રધાન સાધનાનું વર્ણન **'उवहाणसुय'** નામક અધ્યયનમાં છે. તેમાં ચાર ઉદ્દેશ છે. તે ચારે ઉદ્દેશના અંતમાં એક સરખી રીતે કહેવામાં આવ્યું છે કે, "**एस विहि अणुक्कन्तो माहणेण मईमया।**" (એટલે કે મતિમાન બ્રાહ્મણે આ આચરણ કર્યું છે.)

આ આખા અધ્યયનમાં સન્મતિ-મહાવીરની સમભાવ તેમજ અહિંસાની સાધનાનું વર્ણન છે, અને મહાતપસ્વી સાધકને તે ક્ષત્રિય હોવા છતાં તેમને મતિમાન બ્રાહ્મણ કહ્યા છે. વૈદિક યજ્ઞના અનુષ્ઠાનમાં રાચતા, હિંસામાં અનુરાગવાળા, રક્તરંજિત હાથોવાળા બ્રાહ્મણ ક્યાં અને ક્યાં અહિંસાના દેવ સમાન આ બ્રાહ્મણ! બન્નેની જીવનરેખામાં કોઇ મેળ નથી. બન્નેની સાધનામાં પણ એકરૂપતા નથી. સૂત્રકારે વૈદિક પરંપરામાં વપરાયેલ '**ब्राह्मण**' શબ્દનો અર્થવિકાસ કરીને તેને વસ્તુતઃ ઉન્નતાર્થક બનાવીને આચારાંગમાં સ્થાન આપ્યું છે.

જ્ઞાતપુત્રને 'વીર' પણ કહ્યા છે. ઇન્દ્ર વગેરે દેવોની જેમ ભગવાન મહાવીરે કોઇ માનવસંહારક યુદ્ધમાં વિજય મેળવ્યો નથી. તેમજ તેમણે કોઈ પશુ-પક્ષી વગેરેની હિંસા પણ કરી નથી, તો પણ તે છે તો **वीर** જ. કેવળ **वीर** નહિ **महावीर** છે. અહીં વીરત્વની વ્યાખ્યા જ બદલાઇ ગઇ છે. બ્રાહ્મણ હિંસા--ક્રૂરતામાં વીરત્વ માને છે, જ્યારે વર્ધમાન મહાવીરનું વીરત્વ તો એમાં રહેલું છે કે તેમણે સકષાય (સદોષ) અને અકષાય (નિર્દોષ) આચરણનું જ્ઞાન મેળવી અકષાય આચરણનો સ્વીકાર કર્યો; તેમાં રાગદ્વેષ, કામક્રોધ વગેરે મનોવિકારોના અભાવને લીધે હિંસાને સ્થાન જ નથી. બ્રાહ્મણ રાતદિવસ યજ્ઞયાગ, વેદપાઠ વગેરેના વિચારમાં મગ્ન રહેતા હતા, અને એક રીતે બહુભાષી હતા. પણ જ્ઞાતપુત્ર મહાવીર "**माहणे अबहुवाई**"—અલ્પભાષી બ્રાહ્મણ હતા. ખુદ મહાવીરના જીવનમાં જ્યારે બદલાયેલ મૂલ્યો જોવાં મળે છે, તો પછી આચારાંગ કે જે તેમના ચિન્તન-મનન અને સાધનાત્મક ઉપદેશનું અમૃત છે તેમાં જો હિંસા-જન્ય શબ્દોના બદલાયેલ વાસ્તવિક અર્થ મળે તો તેમાં આશ્ચર્યની વાત શું છે? આચારાંગમાં સંયમ—સાધનાને વારંવાર વીરોનો માર્ગ કહ્યો છે.

બૌદ્ધોએ બોધિસત્ત્વની સાધનાના માર્ગને કેટલી શતાબ્દી પછી મહાયાન કહ્યો; પણ આચારાંગમાં મહાવીરની સાધનાને માટે "**पणया वीरा महावीहिं**"[૧] અને "**दुःखं लोगस्स जाणित्तावंता लोगस्स संजोगं जंति धीरा महाजाणं**"[૨] જેવા વાક્યો મળે છે. તેમાં મહાવીરની મહાકરુણા અને પ્રજ્ઞાની જનક સંયમ-સાધનાનો '**महाविथी**' કે '**महायान**' એ શબ્દથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે

સંહારક યુદ્ધોના અભિયાનની ભીષણ ગાથાઓથી તો તે યુગનો આર્ય પરિચિત હતો જ. પણ **મહાયાન**ની મહાકરુણામૂલક વીરગાથા અને યુદ્ધોથી તો તે તદ્દન અનભિજ્ઞ હતો. તેથી જ સન્મતિ-મહાવીરે વીરમાર્ગમાં કેવું યુદ્ધ હોય તેનું સજીવ ચિત્રણ કરતા બતાવ્યું છે કે "**इमेण चेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ**" તથા "**जुद्धारिहं खलु दुल्लहं**"[૩] (તારા અંતરમાં રહેલ મનોવિકારો સાથે યુદ્ધ કર, તારા ઘરને છિન્નભિન્ન કરનાર શત્રુઓને મારી હઠાવ. એ જ સાચું યુદ્ધ છે. બાકી બહારના સંઘર્ષનું તારે શું પ્રયોજન છે? આધ્યાત્મિક શત્રુઓ પર વિજય મેળવવા માટે જ તને આ સશક્ત માનવ-દેહ મહામહેનતે મળ્યો છે. આ રીતે યુદ્ધના સમર્થનમાં પણ મહામાનવ મહાવીરની આત્મોન્મુખી દૃષ્ટિ રહી છે.

વૈદિક પુરુષ પોતાની જાતને આર્ય કહેતા હતા. વેદ અને બ્રાહ્મણ ગ્રન્થોમાં તેના જે રૂપ મળે છે તે નિઃશંક અનાર્યત્વના સૂચક—હિંસાપ્રધાન છે. પરંતુ આચારાંગમાં આર્ય શબ્દની વ્યાખ્યામાં જીવનની ઉજ્જવળતા—ધવલતા પ્રદર્શિત થઈ છે. આર્ય તે છે

૧ આચારાંગસૂત્ર ૨૧,

૨ આચારાંગસૂત્ર ૧૨૪

૩ આચારાંગસૂત્ર ૧૫૪-૧૫૫

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગુજરાતી જૈન સાહિત્યનો ઇતિહાસ

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

"જૈન સાહિત્ય"ના બે અર્થ થાય છે: (૧) જૈનોએ રચેલું સાહિત્ય અને (૨) જૈન ધર્મ અને જૈન સંસ્કૃતિને લગતું સાહિત્ય. બીજા અર્થવાચક જૈન સાહિત્યના સર્જકો કેવળ જૈનો જ નથી, પણ ગમે તે ધર્મના–અરે 'ધર્મ'ને નહિ માનનારા પણ છે.

'સાહિત્ય' શબ્દનો અત્ર વ્યાપક અર્થ કરવાનો છે. એથી લલિત તેમજ લલિતેતર એમ એના બંને પ્રકાર અત્ર અભિપ્રેત છે.

જૈન સાહિત્ય સંસ્કૃત, પાઇય, ગુજરાતી, રાજસ્થાની, હિન્દી, મરાઠી, સિન્ધી, પંજાબી ઈત્યાદિ ભારતીય પ્રાચીન તેમજ અર્વાચીન ભાષાઓમાં જ રચાયેલું છે એમ નહિ, પરંતુ એ ભારતવર્ષ સિવાયના ઇંગ્લંડ વગેરે અન્ય દેશોની ભાષામાં પણ રચાયેલું છે, અને એથી તો મેં જૈન સાહિત્યના બંને અર્થ દર્શાવ્યા છે.

જૈન સાહિત્યનો ઇતિહાસ સંપૂર્ણ રચવા માટેનો એક માર્ગ તે એની ભાષાદીઠ વિચારણા છે. આ દિશામાં કેટલાક પ્રયાસ થયા છે. સંસ્કૃતમાં રચાયેલા જૈન સાહિત્ય વિષે મેં એક પુસ્તક રચ્યું છે, એનું નામ **જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ** રખાયું છે. એ ત્રણ વિભાગમાં વિભક્ત કરાવ્યું છે. એ પૈકી એનો પ્રથમ વિભાગ પ્રકાશિત થયો છે અને એ સાર્વજનીન સાહિત્યના અંગેનો છે.

પાઇય ભાષાના વિવિધ પ્રકારો છે. એ તમામ પ્રકારમાં રચાયેલા જૈન સાહિત્યનું મેં નિરૂપણ મારા પુસ્તક નામે **પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્યમાં** કર્યું છે.

ગુજરાતીમાં રચાયેલા જૈન સાહિત્યની વિષયદીઠ માહિતી પૂરું પાડનારું કોઇ પુસ્તક પ્રકાશિત થયું હોય એમ જાણવામાં નથી. બાકી એ વાત ખરી છે કે એવું પુસ્તક રચવા માટેની ઘણીખરી સામગ્રી તો ખાસ કરીને નિમ્નલિખિત પુસ્તકોમાંથી મળી રહે તેમ છે.

**(૧) જૈન ગૂર્જર કવિઓ** ( ભાગ ૧–૩ ) ત્રીજા ભાગના બે ખંડ છે.

**(૨) જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ.**

આ બંને પુસ્તકો કાલક્રમને કેન્દ્રમાં રાખી રચાયાં છે–એમાં સૈકાદીઠ વિચારણા કરાઇ છે, પરંતુ વિષયોને કે સાહિત્યનાં વિવિધ સ્વરૂપોને પ્રાધાન્ય આપી આ કાર્ય કરાયું નથી. આ બાબત સ્પષ્ટ સમજાય તે માટે હું વિષયો અને સાહિત્યનાં સ્વરૂપોને અંગે થોડુંક કહીશ.

સાહિત્યના સાર્વજનિક–સાર્વજનીન અને સાંપ્રદાયિક (ધાર્મિક) એમ બે વિભાગો પાડી શકાય.

---

કે જેના જીવનમાંથી સ્નેહ, સમતા, અહિંસા, અભય, અપ્રમાદ, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો પ્રકાશ આવતો હોય અને તેની સાધનાના માર્ગને પ્રકાશિત કરતો હોય તથા જેના અન્તર–માનસમાં પ્રાણીજગત તરફ પ્રેમનું ઝરણું વહેતું હોય અને જે હંમેશા સંતપ્તના તાપને હટાવવા તત્પર હોય. એક શબ્દમાં કહેવું હોય તો આર્ય સંયમનિષ્ઠ હોય છે, આર્ય દયાળુ હોય છે, આર્ય પ્રાણીજગતનો રક્ષક હોય છે.

આચારાંગસૂત્રમાં આર્યમાર્ગના પથિકને બ્રાહ્મણ, મેધાવી, વીર, બુદ્ધ, પંડિત, આર્ય, વેદવિદ્ વગેરે શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે અને તેનાથી એ ફલિત થાય છે કે મહામાનવ મહાવીરે આ શબ્દોમાંના હિંસા–ઉત્પીડનના ઝેરને અમૃતના રૂપમાં ફેરવીને આ શબ્દોને ગૌરવાન્વિત બનાવ્યા છે અને આર્ય તેમજ આર્યમાર્ગને પણ દિવ્ય ભવ્ય અને ઉન્નત બનાવ્યો છે.

( ક્રમશઃ )

સંક્ષેપકાર : મુનિ આઈદાનજી, અનુ૰ : કા. જ. દોશી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ વિભાગમાં નીચે મુજબના વિષયોનો સમાવેશ થાય છે :—

વ્યાકરણ, કોશ, છંદ, અલંકાર, નાટ્યશાસ્ત્ર, સંગીત, કામશાસ્ત્ર, ચિત્રકળા, સ્થાપત્ય, મુદ્રાશાસ્ત્ર, ગણિત, નિમિત્તશાસ્ત્ર, વૈદ્યક, પાકશાસ્ત્ર, વિજ્ઞાન અને નીતિ.

આ બધા લાક્ષણિક સાહિત્યના અંગ છે.

ધાર્મિક સાહિત્યના મુખ્ય ત્રણ વર્ગ પડાય : (૧) લલિત સાહિત્ય, (૨) દાર્શનિક સાહિત્ય અને (૩) અનુષ્ઠાનાત્મક સાહિત્યના લલિત સાહિત્યમાં શ્રવ્ય અને દૃશ્ય કાવ્યો મુખ્ય ભાગ ભજવે છે. એમાં કથાઓ, ચરિત્રો વગેરેને સ્થાન છે.

દાર્શનિક સાહિત્યમાં તત્ત્વચિન્તનનો વિષય અગ્રભાગ ભજવે છે. એમાં ન્યાય, યોગ(અધ્યાત્મ)ની વિચારણા માટે પણ અવકાશ છે.

અનુષ્ઠાનાત્મક સાહિત્ય એટલે ક્રિયાકાંડને લગતું સાહિત્ય. એક રીતે વિચારતાં ધાર્મિક વિધિવિધાનોને અંગેના મતભેદોનો પણ આમાં સમાવેશ કરી શકાય.

સાહિત્યના મુખ્ય બે પ્રકાર છે : (૧) ગદ્યાત્મક અને (૨) પદ્યાત્મક. એ પ્રત્યેકના વિવિધ સ્વરૂપો છે. ગુજરાતી ગદ્યાત્મક સાહિત્યનાં કેટલાંક સ્વરૂપો હું ગણાવું છું:—બોલી, નિબંધ, નિબંધિકા, નવલકથા, જીવનચરિત્ર, સંવાદ, પ્રવાસનું સાહિત્ય, વિવેચન, ભાષાંતર અને બાલાવબોધ.

ગુજરાતી પદ્યાત્મક સાહિત્યનાં સ્વરૂપોમાં મધ્યકાલીન અને અર્વાચીન એવા બે વર્ગ પાડી નીચે મુજબનાં સ્વરૂપો પ્રો. મંજુલાલ મજમુદારે ગણાવ્યાં છેઃ—મુક્તક, સુભાષિત, ઉખાણાં, સમસ્યા-પ્રહેલિકા, રાસ-રાસો, પ્રબંધ, છંદ, પવાડો-શલોકા, આખ્યાન, પદ્યાત્મક લોકવાર્તા, ફાગુ, ષડ્ઋતુ, બારમાસી, સંદેશ-કાવ્ય, ભડલીવાક્ય, વિવાહલુ-વેલિ, રૂપક-કાવ્ય, ગીતા-કાવ્ય, કક્કો-હિતશિક્ષા, ભજન-સંતવાણી, રાસ-ગરબો ગરબી, મહાકાવ્ય, ખંડ-કાવ્ય, ઊર્મિકાવ્ય, સોનેટ (Sonnet), ગઝલ, કરુણ પ્રશસ્તિ, દેશભક્તિ-કાવ્ય, પ્રતિકાવ્ય અને બાલકાવ્ય.

આ તમામનો પરિચય એમણે ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો ( પદ્યવિભાગ ) નામના પુસ્તકમાં આપ્યો છે.

આમ જે ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો છે તેની જૈન સાહિત્ય પૂરતી નામાવલી જૈન ગૂર્જર કવિઓ (ભાગ ૩, ખંડ ૨, પૃ. ૧૭૩૩-૧૭૮૩ અને ૧૭૯૦-૧૭૯૯) ઉપરથી ઉપજાવી શકાય તેમ છે પણ અત્યારે તો હું આ આધારે કામચલાઉ નામાવલી નીચે મુજબ રજૂ કરવા ઉપરાંત કંઇ કરી શકું તેમ નથીઃ—

| | | | | |
|---|---|---|---|---|
| આખ્યાન | ચરિત્ર | દોહા | બાવની | શતક |
| કક્ક | ચૈત્યવંદન | ધમાલ | બોલ | શલોકો |
| કથા | ચોઢા | ધવલ | બોલી | સંવાદ |
| કલશ | ચોઢાલિયું | નાટક | ભાવના | સજ્ઝાય |
| કાગળ | ચોપાઈ | પચ્ચીસી | ભાસ | સંધિ |
| કુલક | છઢાલિયું | પંચઢાલિયું | રાસો | સ્તવન |
| ખ્યાલ | છત્રીસી | પવાડો | રાસ | સ્તુતિ |
| ગઝલ | છન્દ | પૂજા | લાવણી | હરિયાલી |
| ગરજ | છપ્પય | પ્રબન્ધ | વિનતિ | હાલરડું |
| ગહુંલી | ઢાલ | ફાગુ | વિવાહલઉ | હુંડી |
| ગીત | ઢાલિયાં | બત્રીસી | વેલ | |
| ગીતા | થોય | બારમાસ | વેલિ | |

આ સ્વરૂપો પૈકી કેટલાંકનાં ઉદાહરણો ન્યાયાચાર્યની[1] ગુજરાતી કૃતિઓ પૂરા પાડે છે. એ સ્વરૂપોનાં નામ નીચે મુજબ છેઃ—

કાગળ, ગીત, ચોપાઇ, છન્દ, થોય (સ્તુતિ), પદ, બત્રીસી, બાલાવબોધ, ભાસ, રાસ, શતક, સંવાદ, સજ્ઝાય, સ્તવન અને હરિયાલી.

વિ. સં. ૧૬૧૫ની આસપાસમાં જન્મેલા અને વિ. સં. ૧૭૩૦માં સ્વર્ગે સંચરેલા સમયસુન્દરગણિએ ગુજરાતી, રાજસ્થાની, હિન્દી, સિન્ધી, સંસ્કૃત અને

૧ આ તેમજ અન્ય ભાષાઓમાં રચાયેલી એમની કૃતિઓનો પરિચય મેં યશોદોહનમાં આપ્યો છે. મારું એ પુસ્તક અત્યારે તો અપ્રકાશિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાકૃત ભાષાઓમાં વિવિધ કૃતિઓ રચી છે. તેમાં એમની ગુજરાતી કૃતિઓ આપણને નીચે મુજબનાં સાહિત્યના સ્વરૂપની ઝાંખી કરાવે છે :—

૧ગીત, ચોપાઈ, છત્રીસી, છન્દ, પ્રબન્ધ, પ્રહેલિકા, ફાગ, બાલાવબોધ, ભાસ, રાસ, વિનતિ, વેલિ, સંવાદ, સજ્ઝાય, સ્તવન, સ્તુતિ, હરિયાલી અને હાલરડું. સમયસુન્દરે હિન્દી ભાષામાં પદો રચ્યાં છે.

પ્રકાશિત સામગ્રી—ગુજરાતી જૈન સાહિત્યનો ઇતિહાસ રચવામાં કામ લાગે એવી પ્રકાશિત સામગ્રી તરીકે હું સૌથી પ્રથમ ગુજરાતી સાહિત્યનો કે એના કોઇ અંશનો ઓછાવત્તા પ્રમાણમાં બોધ કરાવનારાં કેટલાંક પુસ્તકોની એના નામ વગેરે સહિત નીચે મુજબ નોંધ લઉં છું :—

| નામ | કર્તા | પ્રકાશન વર્ષ |
|---|---|---|
| અર્વાચીન સાહિત્યનું રેખાદર્શન (ખંડ ૧–૩) | હીરાલાલ ત્રી. પારેખ | |
| આપણા કવિઓ (ખંડ ૧) | કેશવરામ કા. શાસ્ત્રી | ઈ. સ. ૧૯૪૨ |
| આપણાં સાક્ષરરત્નો (ભા. ૧)<br>આપણાં સાક્ષરરત્નો (ભા. ૨) | ન્હાનાલાલ દલપતરામ | |
| કવિચરિત (ભા. ૧)<br>" (ભા. ૨) | કેશવરામ કા. શાસ્ત્રી | |
| ગુજરાતી ભાષા અને સાહિત્ય | નરસિંહરાવ ભો. દિવેટિયા | " ૧૯૩૬ |
| ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન) | અનંતરાય મ. રાવળ | " ૧૯૫૪ |
| ગુજરાતી સાહિત્ય [મધ્યકાળનો સાહિત્ય પ્રવાહ ] | કનૈયાલાલ મા. મુનશી | |
| ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો | કૃષ્ણલાલ મો. ઝવેરી | " ૧૯૫૮ |
| ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો [પદ્ય વિભાગ] | મંજુલાલ ર. મજમુદાર | " ૧૯૫૪ |
| ગુજરાતી સાહિત્યની રૂપરેખા | વિજયરાય ક. વૈદ્ય | " ૧૯૪૩ |
| " વિકાસરેખા [ખંડ ૧ મધ્યકાળ] | ધીરૂભાઈ ઠાકર | |
| " " [ખંડ ૨ : અર્વાચીનકાળ] | " " | " ૧૯૫૬ |
| ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન [ખંડ ૧] | કેશવરામ કા. શાસ્ત્રી | " ૧૯૫૧ |
| " " " | મનસુખલાલ ઝવેરી | |
| ગુજરાતી સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ [ભા. ૧–૨] | ઈશ્વરલાલ આર. દવે | " ૧૯૫૨ |
| મધ્યકાળના સાહિત્ય પ્રકારો | ચન્દ્રકાન્ત મહેતા | " ૧૯૫૮ |
| સાંઠીના સાહિત્યનું દિગ્દર્શન | ડાહ્યાભાઈ પી. દેરાસરી | " ૧૯૧૦ |
| Classical poets of Gujarat, The Development of Gujarati | ગોવર્ધનરામ મા. ત્રિપાઠી | " ૧૯૫૮ |
| Literature A. D. 1907-1938 (Reviews of Books) | કૃષ્ણલાલ મો. ઝવેરી | " ૧૯૪૧ |
| Further milestones in Gujarati literature | કૃષ્ણલાલ મો. ઝવેરી | " ૧૯૨૪ |

૧ એમણે એટલાં બધાં ગીત રચ્યાં છે કે જેથી નીચે મુજબની લોકોક્તિ પ્રચલિત બની છે :—

'સમયસુન્દરનાં ગીતડાં, ગીતાં પરનાં ચીતરાં ( ચિત્રો ) યા કુંભે રાણાના ભીંતડા.'

For Private And Personal Use Only

| નામ | કર્તા | પ્રકાશન વર્ષ |
|---|---|---|
| Gujarat and its literature (A survey from the earliest times) | કનૈયાલાલ મા. મુનશી | ઇ. સ. ૧૯૨૧ |
| Gujarati language and literature, Vols I. II) | નરસિંહરાવ ભો. દિવેટીયા | " ૧૯૩૨ |
| Milestones in Gujarati literature | કૃષ્ણલાલ મો. ઝવેરી | " ૧૯૧૪ |
| Present state of Gujarati literature | કૃષ્ણલાલ મો. ઝવેરી | " ૧૯૩૪ |
| The studies in Gujarati literature | જે. ઇ. સંજાણા | " ૧૯૫૦ |

આવાં પુસ્તકોમાં જૈન ગ્રંથકારોની કૃતિઓની નોંધ, એને અંગેના સ્વતંત્ર પુસ્તકમાં હોય તેટલી વ્યાપક સ્વરૂપે ન હોય એ તો સ્વાભાવિક વાત છે, પરંતુ જૈનોનો ગુજરાતી સાહિત્યમાં સબળ ફાળો હોવા છતાં તેમજ સાહિત્યનાં કેટલાંક સ્વરૂપ રજૂ કરનાર તરીકે જૈનો જ પ્રથમ હોવા છતાં એનો યથાયોગ્ય પરિચય મોટે ભાગે અપાયેલો જણાતો નથી. આ ન્યૂનતા માટે કોણ કેટલે અંશે જવાબદાર છે એ વાત હું બાજુ ઉપર રાખું છું અને આ ન્યૂનતા દૂર કરવા માટે પહેલી તકે પ્રયાસ થવો ઘટે એમ સૂચવું છું. જે સંસ્કૃત સાહિત્ય જૈનોને હાથે સર્જાયું છે તેનો યથા-શક્ય પરિચય મેં **જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ**માં આપ્યો છે. પાઇય માટે પણ એવું કાર્ય **પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય** નામના પુસ્તક દ્વારા મેં કર્યું છે. હું ગુજરાતી છું અને ધર્મે જૈન છું એથી મને ગુજરાતી જૈન સાહિત્યનો ઇતિહાસ વિષયદીઠ અને સાહિત્યના સ્વરૂપદીઠ રચાએલો જોવાનું મન સહેજે થાય એટલું જ નહિ, પણ જ્યારે એવું કોઇ પુસ્તક હજી સુધી તો પ્રકાશિત થયેલું જોવા-જાણવામાં આવ્યું નહિ હોવાથી એ દિશામાં મારો નમ્ર ફાળો આપવા માટે હું કેટલાંક વર્ષથી લલચાયો છું. એને લઇને મે કેટલાક લેખો લખ્યા છે. એ પૈકી નિમ્નલિખિત લેખો પ્રકાશિત છે: —

| નામ | સામયિક |
|---|---|
| આગમોના બાલાવબોધ | જૈન સત્યપ્રકાશ (વ. ૧૩, અં. ૧૧) |
| આપણાં ફાગુ કાવ્યો | જૈન સત્યપ્રકાશ (વ. ૧૧, અં. ૬) |
| ગુજરાતી પદ્યાત્મક દાર્શનિક કૃતિઓ | જૈન ધર્મપ્રકાશ (વ. ૬૮, અં. ૭) |
| ચર્ચરી (ચર્ચરિકા) | જૈન સત્યપ્રકાશ (વ. ૧૨, અં. ૫-૬) |
| જૈન ગુર્જર ચિત્રકવિઓ | જૈન ધર્મપ્રકાશ (પૃ. ૭૩, અં. ૧૨) |
| યોગરત્નાકર ચોપાઇ (વિ. સં. ૧૭૩૬) | ભિષગ્ ભારતી (વ. ૫, અં ૭) |
| 'વિવાહલઉ' સાહિત્યનું રેખાદર્શન | જૈન સત્યપ્રકાશ (વ. ૧૦, અં. ૧૦-૧૧) |
| વેલિ અને વેલ | |
| શલોકાનો સંચય | જૈન સત્યપ્રકાશ (વ. ૧૧, અં. ૧૨) |
| સંવાદ સંબંધી જૈન સાહિત્ય | |
| સોળ સતીનો છંદ | આત્માનંદપ્રકાશ (પૃ. ૫૧, અં. ૮) |
| હરિયાલી સંગ્રહને અંગે | સિદ્ધચક્ર (વ. ૧૨, અં. ૪) |

જૈન સમાજે વ્યક્તિરૂપે કે સંસ્થારૂપે લગભગ સો વર્ષથી પુસ્તકોના પ્રકાશનાર્થે પ્રયાસ કર્યો છે અને એમાં ઉત્તરોત્તર પ્રગતિ પણ સાધી છે પરંતુ અત્યાર-સુધીમાં પ્રકાશનાર્થે જેટલું કાર્ય થયું છે તેના કરતાં અનેકગણું કાર્ય કરવાનું બાકી છે. ગુજરાતી જૈન સાહિત્યનાં સ્વરૂપોનો જ વિચાર કરીશું તો જણાશે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે કેટલાં ય સ્વરૂપોના યથાર્થ બોધ માટે જેટલા પ્રમાણમાં અને જે રીતે પુસ્તકો પ્રકાશિત થવાં ઘટે તેટલા પ્રમાણમાં અને તે રીતે પુસ્તકો છપાવાયાં નથી. અમુદ્રિત કૃતિને જેમ જેમ મુદ્રિત કરાઈ એટલે બેડો પાર થતો નથી. એના સમીક્ષાત્મક સંસ્કરણ માટે ઘણું ઘણું કરવાનું હોય છે. આ વિષે વિશેષ ન કહેતાં જે સ્વરૂપોના અભ્યાસાર્થે સામગ્રી આજે મુદ્રિત સ્વરૂપમાં છે તેનાં નામ તેને લગતી કૃતિઓના ઉલ્લેખપૂર્વક હું અહીં સૂચવું છું, જો કે પ્રત્યેક સ્વરૂપ પરત્વેની મુદ્રિત સામગ્રી સંતોષકારક નથી.

**[ ૧ ] સ્તવન—**

અત્યારસુધીમાં ગુજરાતીમાં લગભગ બે હજાર સ્તવનો રચાયા હોય એમ લાગે છે જુદે જુદે સ્થળેથી સ્તવનોના નાના મોટા સંગ્રહ પ્રસિદ્ધ થયા છે, પણ એ બધા તો મારા જોવામાં આવ્યા નથી. એથી અત્યારે તો સંખ્યાની અપેક્ષાએ સૌથી મોટો જણાતો સંગ્રહ તે ઈ. સ. ૧૯૩૯માં પ્રકાશિત થયેલું નિમ્નલિખિત પુસ્તક છે :—

"૧૧૫૧ સ્તવનમંજૂષા"

આના સંપાદક અને સંશોધક શ્રી સારાભાઈ મણીલાલ નવાબ છે. આ શ્રી ઋષભદેવથી માંડીને મહાવીરસ્વામી સુધીના ચોવીસ તીર્થંકરોને અંગેનાં સ્તવનો રજૂ કરે છે. વીસ વિહરમાણ તીર્થંકરો વગેરેને લગતાં સ્તવનો ઇત્યાદિનો સંગ્રહ પ્રકાશિત થાય તો અવશિષ્ટ સ્તવનો તેમાં આવી જાય.

**[ ૨ ] થોય (કિંવા થુઈ ( સ્તુતિ )—**

તીર્થંકરો, પર્વો, તપશ્ચર્યા ઇત્યાદિને અંગે જાત જાતની થોય ગુજરાતીમાં રચાયેલી છે. એનો એક મહત્ત્વપૂર્ણ સંગ્રહ **સ્તુતિતરંગિણી** (ભા. ૧) પૂરો પાડે છે.

**[ ૩ ] પૂજા—**

ગુજરાતીમાં પૂજા રચવાની પ્રવૃત્તિ આજે પણ અમુક અંશે ચાલુ છે. આને લઇને પુષ્કળ પૂજાઓ રચાઈ છે અને કેટલીએ છપાઈ છે. પૂજાઓનો એક મોટો સંગ્રહ પં. મફતલાલ ઝવેરચંદે વિ. સં. ૧૯૯૯માં નીચે મુજબના નામથી પ્રસિદ્ધ કર્યો છે:—

"વિવિધ પૂજાસંગ્રહ (ભા. ૧–૯)"

પ્રથમ ભાગમાં સ્નાત્રપૂજાઓ અને જ્ઞાનવિમલસૂરિકૃત **શાંતિજિનકળશ** છે. નવમા ભાગમાં કેટલીક આરતીઓ અને મંગળદીવાને સ્થાન અપાયું છે.

**[ ૪ ] સજ્ઝાય—**

સજ્ઝાયોના ભિન્ન ભિન્ન [1]સંગ્રહ પ્રકાશિત થયેલા છે, પરંતુ એવો એક પણ સંગ્રહ જણાતો નથી કે જેમાં લગભગ તમામ સજ્ઝાયો મળી રહે.

**[ ૫ ] ફાગુ—**

જૈન ગ્રંથકારોએ રચેલ ફાગુઓની નોંધ મારા લેખ નામે "આપણાં ફાગુકાવ્યો"માં બાર વર્ષ ઉપર (ઈ. સ. ૧૯૪૬માં) લીધી હતી અને એ વેળા તમામ ફાગુ એક સંગ્રહરૂપે પ્રકાશિત કરવાની આવશ્યક્તા દર્શાવી હતી. આ કાર્ય "મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય" તરફથી લગભગ સંપૂર્ણપણે થયું છે, એમ એ વિશ્વવિદ્યાલયે પ્રકાશિત કરેલા નિમ્નલિખિત પુસ્તક ઉપરથી જણાય છે :—

"પ્રાચીન ફાગુસંગ્રહ"

આમાં ૩૮ ફાગુ-કાવ્યો છે. એમાંનાં ઘણાંખરાંના રચનાર જૈન છે. આ સંગ્રહમાં અન્યત્ર પ્રકાશિત ચારેક જૈન કૃતિ **વસન્તવિલાસ** જેવી અજૈન કૃતિઓને પણ જો સ્થાન અપાયું હોય તો ફાગુ-કાવ્ય માટે આ પરિપૂર્ણ સંગ્રહ બની રહેશે.

**(૬) ચૈત્યવંદન—**

કેટલાક[2] પુસ્તકોમાં ઓછાવત્તાં પ્રમાણમાં ચૈત્યવંદનો છપાયેલાં જોવાય છે, પરંતુ લગભગ તમામ ચૈત્યવંદનો કોઇ એક જ ગ્રંથરૂપે પ્રકાશિત

---

૧ એક સંગ્રહ સૌ. કમળાબેન અમીચંદે ઈ. સ. ૧૯૩૫માં **શ્રી સજ્ઝાયમાળાના** નામથી છપાવ્યો છે આ પૂર્વે ઇ. સ. ૧૮૯૨માં **ભીમજી** ભીમસિંહ માણકે **સજ્ઝાયમાળા** (ભા. ૧) પ્રકાશિત કર્યો છે. એમાં ૨૩૩ સજ્ઝાયો છે.

૨. દા. ત. કીકાભાઇ પરભુદાસે ઈ. સ. ૧૯૭૬માં જૈન કાવ્યસંગ્રહ નામનું જે પુસ્તક છપાવ્યું છે તેમાં રાસ-આતમાં ગુજરાતીમાં ત્રીસ ચૈત્યવંદનો અપાયાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થયાં હોય એમ જણાતું નથી. જો એમ જ હોય તો આ કાર્ય કોઇ સાહિત્યરસિકે હાથ ધરવું જોઇએ.

[ ૭ ] ગહુંલી સંગ્રહ -

'ગહુંલી' એ ગુરુના ગુણગાનને લગતી એક પ્રકારની રચના છે. સમયસુન્દર ગણિએ નવ પદ્યની ગુજરાતીમાં એક ગહુંલી રચી છે અને એ સમયસુન્દરકૃતિ કુસુમાંજલિમાં પૃ. ૩૪૬-૩૪૭માં 'ગહૂંલી ગીતમ્'ના નામથી છપાયેલી છે. એમાં રચનાવર્ષનો ઉલ્લેખ નથી, પણ એ મોડામાં મોડી વિ. સં. ૧૭૦૩ની તો કૃતિ ગણાય. આજે પણ કોઈ કોઇ ગહુંલી રચે છે. એ હિસાબે ગહુંલીઓ એકત્રિત કરી એ એક[1] સંગ્રહરૂપે છપાવવા જેટલી સંખ્યા પૂરી પાડે છે. કોઇ કેઇ સ્થળેથી ગહુંલીના નાનકડા સંગ્રહ પ્રસિદ્ધ થયેલા છે. એ બધાનો વ્યવસ્થિત સ્વરૂપે એક મોટો સંગ્રહ જો છપાવાય તો 'ગહુંલી' નામના સ્વરૂપના અભ્યાસાદિ માટે પર્યાપ્ત સાધન મળી રહે.

રાસ—કેટલાક રાસ છપાયા છે. આનંદકાવ્ય-મહોદધિમાં પણ એવું કાર્ય થયું છે, પરંતુ ઉપલબ્ધ રાસની સંખ્યા વિચારતાં હજી ઘણા રાસ અપ્રકાશિત જણાય છે. મહીરાજકૃત નલ-દવદંતી-રાસની જેમ વિવિત્ર રાસ છપાવાવાં ઘટે.

બોલી- 'અંચલ' ગચ્છના મેરુતુંગસૂરિના શિષ્ય માણિક્યસુન્દરે ઉર્ફે માણિક્યચન્દ્રસૂરિએ વિ. સં. ૧૪૭૮માં પૃથ્વીચન્દ્ર ચરિત્ર યાને વાગ્વિલાસની રચના "સુંદર, હૃદયંગમ અને રસભરી બોલીમાં"[2] કરી છે. એ પાંચ ઉલ્લાસમાં વિભક્ત છે. એ "ગુજરાતી ભાષાની પહેલી સવિસ્તર ધર્મકથા છે."[3] સમગ્ર કૃતિ શબ્દમાધુર્ય અને લયવાહિતાથી અને વિશેષત અંતર્યમકથી અલંકૃત છે. આ કૃતિ[4] બે સ્થળેથી પ્રકાશિત કરાઇ છે. એનો સારાંશ નવમી-દસમી સાહિત્યપરિષદના અહેવાલમાં ગુજરાતીમાં પં. દીવાનજીએ અને Gail પૃ. ૯૭-૯૭ )માં અંગ્રેજીમાં ક. મા મુન્શીએ આપ્યો છે.

આ કથા "બોલી"નું સ્વરૂપ મનમોહક રીતે રજૂ કરે છે. જયશેખરસૂરિકૃત પ્રબોધચિન્તામણિમાં પણ અમુક અંશે આ સ્વરૂપનું દર્શન થાય છે. ઉપર્યુક્ત પૃથ્વીચન્દ્રચરિત્ર એક પ્રકારનો માહિતીકોશ છે. એમાં પૃથ્વી ઉપરના દ્વીપો, દેશો અને સમુદ્રો, ભરતક્ષેત્રના પ્રદેશો નગરમાં ચોટાં, આભૂષણો, રત્નો, આયુધો, વસ્ત્રો, વાદિત્રો, હાથી, ઘોડા, રથો, કલા, વિજ્ઞાન, સ્મૃતિઓ, પુરાણો, ગ્રહો, દિક્કુમારિકાઓ, વંશો, બ્રાહ્મણોની ચોર્યાસી, જ્ઞાતિઓ, સ્વપ્નો વિષે જાતજાતની વિગતો અપાઇ છે.[5]

આ વિગતોના અભ્યાસમાં બે પુસ્તક ઉપયોગી થઇ શકે તેમ છે :-

(૧) વર્ણરત્નાકર—આ કૃતિ જ્યોતિરીશ્વર કવિશેખરે ચૌદમા સૈકાના અરસામાં 'મૈથિલી' ભાષામાં રચ્યું છે એનું સંપાદન ડૉ. સુનીતિકુમાર ચેટરજી અને પં. બબુઆ મિશ્રે કર્યું છે અને એ કૃતિ "રૉયલ એશિયાટિક સોસાયટી ઑફ બેંગોલ" તરફથી કલકત્તા ઇ. સ. ૧૯૦૪માં છપાવાઈ છે.

(૨) વર્ણકસમુચ્ચય (ભા. ૧) આનું સંપાદન ડૉ. ભોગીલાલ જ. સાંડેસરાએ કર્યું છે અને એ "પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા"માં ગ્રંથાંક ૪ તરીકે મ. સ. વિશ્વવિદ્યાલય તરફથી વડોદરાથી ઈ. સ. ૧૯૫૬માં પ્રસિદ્ધ કરાએલ છે.

---

૧. હંસવિજયજી ફ્રી લાઇબ્રેરી તરફથી બે ગહુંલીસંગ્રહ છપાયેલ છે, પણ એ સંગ્રહ નાનકડા છે.

૨. જુઓ જૈ. સા. સં. ઇ. (પૃ. ૪૯૬).

૩. જુઓ ગુ સા રૂ. (પૃ. ૧૮)

૪. "પ્રાચીન ગુર્જર કાવ્યસંગ્રહ"માં વડોદરાથી ઇ. સ. ૧૯૨૦માં છપાવાઇ છે. એનું સંપાદન સ્વ. ચિમનલાલ દલાલે કર્યું છે. ત્યારબાદ "પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ"-માં ગુજરાતી વિદ્યાપીઠ તરફથી અમદાવાદથી વિ. સં. ૧૯૮૯માં આ કૃતિ પ્રસિદ્ધ કરાઈ છે. એનાં સંપાદક જિનવિજયજી છે.

૫. જુઓ ગુજરાતી સાહિત્ય(મધ્યકાલીન)નું પૃ. ૭૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B 431

# વીરવાણી

સમુદ્ર સમાન ગંભીર બુદ્ધિથી પરાભવ નહિ પામનારા, સંકટોમાં ત્રાસી નહિ જનારા, કામભોગમાં અનાસક્ત, શ્રુતથી પરિપૂર્ણ અને પ્રાણીઓના રક્ષક મહાપુરુષો કર્મકલેશનો નાશ કરીને ઉત્તમ ગતિ(મોક્ષ)ને પામ્યા છે.

આ લોક અને પરલોકમાં જેને કશું બંધન નથી તથા જે બધા પદાર્થોની આશંસાથી રહિત નિરાલંબ અને અપ્રતિબદ્ધ છે તે માર્ગમાં આવવા જવાથી મુક્ત થાય છે.

ભોગી સંસારમાં ભમે છે, ભોગમુક્ત સંસારથી મુક્ત થાય છે.

જેઓ કામગુણને ઓળંગી જાય છે તે ખરેખર મુક્ત છે.

કરેલાં કર્મોને ભોગવ્યા વિના મુક્તિ નથી.

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપથી સંયુક્ત એવા માર્ગને પામેલા જીવો મુક્તિ પામે છે.

શરીર એ નાવ છે, સંસાર એ સમુદ્ર છે અને જીવ એ નાવિક છે. મહર્ષિ પુરુષો સંસારસમુદ્રને શરીરદ્વારા તરી જાય છે.

ઘર બળતું હોય ત્યારે ઘરનો ધણી અસાર વસ્તુઓને છોડીને પહેલાં બહુ મૂલ્યવાળી વસ્તુઓને કાઢી લે છે. તેમ આ સમસ્ત સંસાર જરા અને મરણથી બળી રહ્યો છે, તેમાંથી શાણા પુરુષ તુચ્છ એવા કામભોગોને તજીને આત્માને ઉગારી લે છે.

લોકોની કામનાનો પાર નથી, તેઓ ચાળણીમાં પાણી ભરવાનો પ્રયત્ન કરે છે.

જેનાં પર તું મુગ્ધ બન્યો તે જીવન અને રૂપ એ બધું વિજળીના ચમકારા જેવું ચંચલ છે.

દરેકને પોતાનાં સુખદુઃખ જાતે જ ભોગવવા પડે છે.

જે વિષયોના સ્વરૂપને બરાબર જાણે છે તે સંસારને બરાબર જાણે છે.

જરા અને મરણરૂપી વેગથી સંસારના પ્રાણીઓ તણાઈ રહ્યા છે તેનું **શરણ, સ્થાન, ગતિ અને આધારરૂપ દ્વીપ** જે કહો તે એક ધર્મ જ છે.

જે જે રાત્રિ દિવસ જાય છે તે પાછા ફરતા નથી, પણ સદ્ધર્મના આચરનારને તે સફલ થઈ જાય છે.

ધાર્મિક વ્યવહારને આચરતો મનુષ્ય નિંદાને પામતો નથી.

સરલ આત્માની શુદ્ધિ થાય છે અને શુદ્ધ મનુષ્યનાં અંતઃકરણમાં જ ધર્મ રહી શકે છે.

**શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર**

મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રેસ, ભાવનગર

For Private And Personal Use Only